આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૧૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

૬નો ઉગારો : લાલજી મહારાજની મૂર્તિ પણ દરિયામાં ગરકાવ : નવી બનાવાશે

## ઉમરસાડીમાં બોટ પલ્ટી, બાળક ગુમ

### શ્રી લક્ષ્મીનારાયણ મંદિરથી લાલજી મહારાજને સમુદ્રમાં પરંપરા મુજબ બોટમાં સમુદ્ર સ્નાન માટે લઈ જતી વખતે દરિયામાં અકસ્માત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** પારડી તાલુકાના ઉમરસાડી માછીવાડ ગામે મોરી સ્ટ્રીટના ભક્તજનો ભાદરવી પૂનમ નિમિત્તે શ્રી લક્ષ્મી નારાયણ મંદિરથી લાલજી મહારાજની પાલખી લઈ સમુદ્ર કિનારે વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ લાલજી મહારાજને સમુદ્ર સ્નાન કરાવવા માટે ૪ જેટલી બોટોમાં ભક્તોને બેસાડી પૂજા અર્ચના કરવા દરિયા માં લઈ જઈ રહ્યા હતાં. તે દરમિયાન ઉમરસાડી કોસ્ટેલ હાઈવે નજીક ભગોદ માર્ગના બ્રિજ નજીક દરિયાના પટમાં આ ૪ પૈકી એક બોટ અચાનક પલટી મારી જતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. આ બોટમાં બોર્ડમાં કુલ સાત જણા હતાં. જેમાં નાનુભાઈ છગનભાઈ ટંડેલ, રેખાબેન નાનુભાઈ ટંડેલ, અજય નાનુભાઈ ટંડેલ, અને બાળક મોક્ષાર્થ અજય ટંડેલ,



ઈન્દુબેન, ભરતભાઈ, રીતેશભાઈ, ડાયાભાઈ ટંડેલ, અમુલ પ્રસાદ ગૌતમ મંદિરના પૂજારી નો સમાવેશ થાય છે.

બોટ પલ્ટી જતાં બોટમાં સવાર લોકો દરિયાના પાણી માં ડૂબવા માંડતાં શોર બકરો થઈ ગયો હતો. જેથી સ્થાનિક માછીમારો દ્વારા ત્વરીત ધસી થઈ ઉગારી લઈ બહાર કાઢવાની તજવીજ હાથ ધરાઈ હતી અને એમાં બોટમાં સવાર ૭ માંથી ૬ લોકોને ઉગારી લેવાયા હતાં પરંતુ આ અકસ્માતમાં કમનસીબે અંદાજે દોઢ થી બે વર્ષનું નાનું બાળક મોક્ષાર્થ અજય ટંડેલ પણ બોટમાં એમના વાલી સાથે હતું. તેમના હાથમાંથી એ છટકી જતાં દરિયાના પ્રવાહમાં તણાઈને ડૂબી ગયું હોવાની શકયતાથી ઉમરસાડીમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

આ ઘટના બનતાં તરત જ બાળકની શોધખોળ હાથ ધરવામાં આવી હતી આ માટે સ્થાનિક માછીમારો, ચંદ્રપૂરના તરવૈયાની ટીમ પણ આવી પહોંચી હતીઅને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું.

ઉલ્લેખનીય છે કે આ અકસ્માત દરમ્યાન પુજારી અમુલ પ્રસાદ ગૌતમ પણ લાલજીની મૂર્તિ સાથે બોટમાં હતાં. પુજારી તો ઉગરી ગયા પણ લાલજી મહારાજની મૂર્તિ બોટ પલ્ટી જતાં દરિયાના પાણીમાં ગરકાવ થઈને ગુમ થઈ ગઈ હતી હવે એ મૂર્તિ પાછી હાથમાં આવે હોવાથી કે મળે એમ ન હોવાથી નવેસરથી નવી મૂર્તિ બનાવવાનું કામ હાથ લેવામાં આવશે એવું જાણવા મળી રહ્યું છે. આ અકસ્માતની ઘટનાની જાણ પારડીના પીઆઈ વાય.બી. ગોહિલને થતા તેઓ પણ તેમની ટીમ જોડે તથા વલસાડ જિલ્લા કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ પટેલ તેમજ ગામના મહિલા સરપંચ ખુશ્બુબેન ટંડેલ સાથે આગેવાનો દોડી આવ્યા હતા. ઘટનાને પગલે ઉમરસાડી માછીવાડ ગામે શોક છવાઈ જવા પામ્યો છે.

બફારાથી ત્રસ્ત લોકોને રાહત અને પાકને જીવતદાનની આશા : સિઝનનો કુલ વરસાદ ૧૧૯ ઈંચે પહોચ્યો

## જિલ્લા-સંઘપ્રદેશમાં અડધો ઈંચ ઝરમર વરસાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** એક તરફ અલનીનો નામની ભૌગોલિક ઘટનાને કારણે હવામાન અને સિઝન અનિયમિત વર્તાઈ રહી છે ચોમાસામાં પણ કયાંક વરસાદ તો કયાંક ઉઘાડ જેવી સ્થિતિ વચ્ચે રાજયમાં અત્યારસુધીના વરસાદ કરતાં સરેરાશ ૧૧ ટકા જેટલો ઓછો વરસાદ નોંધાયો છે. ત્યારે ફરીથી વરસાદના ઝાપટાંનો અનુભવ આજે જિલ્લા સંઘપ્રદેશમાં લોકોને વર્તાયો હતો.

વલસાડ જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી વરસાદે વિરામ લેતાં લોકો અસહ્ય ગરમી અને ભારે બફારાથી તોબા પોકારી ઉઠ્યા હતા. જોકે, આજરોજ બપોરના સુમારે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો.

બપોરે અચાનક આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું અને સુસવાટા મારતા ઠંડા પવન સાથે ગાજવીજ શરૂ થઈ હતી. જોતજોતામાં મુશળધાર વરસાદ તૂટી પડતાં સમગ્ર પંથકના વાતાવરણમાં પ્રસરેલી ગરમી ગાયબ થઈ ગઈ હતી અને સર્વત્ર શીતળતા પ્રસરી ગઈ હતી. અસહ્ય ઉકળાટ સહન કરી રહેલા નગરજનોને આ વરસાદથી મોટી રાહત મળી છે. બીજી તરફ છેલ્લા કેટલાક દિવસોથી વરસાદ ખેંચાતાં ખેતરોમાં ઉભેલા ડાંગર તેમજ વિવિધ શાકભાજીના પાક મુરઝાઈ રહ્યા હતા. સમયસર વરસેલા વરસાદથી આ પાકને નવું જીવતદાન મળ્યું છે, જેના પગલે ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ છવાયો છે.

આજે જિલ્લા કંટ્રોલ તરફથી પ્રાપ્ત આકડાં મુજબ સમગ્ર જિલ્લામાં બપોરે ૧૨ થી ૪ કલાક દરમ્યાન છૂટો છવાયો વરસાદ નોંધાયો હતો. તાલુકા મુજબ જોઈએ તો વલસાડમાં ૪ મીમી, ધરમપુરમાં સૌથી વધુ ૩૦ મીમી, નાનાપોંઢામાં ૨૫ મીમી, કપરાડામાં ૧૮ મીમી, વાપીમાં બે મીમી, જયારે ઉમરગામમાં ૦ મીમી વરસાદ નોંધાયો હતો. એટલે કે જિલ્લામાં ખાસ કરીને પૂર્વ પટ્ટીના ધરમપુર, કપરાડા અને નાનાપોંઢા વિસ્તારમાં વરસાદ નોંધાયો હતો. કુલ સરેરાશ વરસાદ ૧૧.૫૭ મીમી એટલે કે અડધો ઈંચ નોંધાયો હતો. સમગ્ર જિલ્લાનો સરેરાર વરસાદ ૧૧૯ ઈંચ પર પહોંચ્યો છે.

### સાપુતારામાં વરસાદને કારણે બોટ સેવા અટકાવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ગુજરાતના ગિરિમથક સાપુતારામાં મંગળવારે બપોર બાદ થોડા સમય માટે અચાનક ધોધમાર વરસાદ તૂટી પડતા સમગ્ર ગિરિમથકનું વાતાવરણ વરસાદી બની ગયુ હતુ. આ દરમિયાન ભારે વરસાદને અને સલામતીને ધ્યાનમાં રાખીને સર્પગંગા તળાવ ખાતે ચાલતી બોટિંગ સેવા બંધ રાખવામાં આવી હતી. જો કે ગિરિમથકમાં વરસાદ સાથે શિયાળા જેવી ઠંડકભર્યા માહોલે પ્રવાસીઓને આહલાદિત કરી દીધા હતા.

સિટી સર્વે અને જમીન દફતર કર્મચારીઓની હડતાળથી વિકાસકામો અટકયા

## જિલ્લામાં રિયલ એસ્ટેટની કામગીરી ઠપ થતાં વલસાડ ક્રેડાઈની રાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :**સમગ્ર રાજ્યમાં સિટી સર્વે અને જમીન દફતર શાખાના કર્મચારીઓ વિવિધ પડતર માંગણીઓને લઈને હડતાળ પર ઉતરતા વહીવટી તંત્રનું કામકાજ સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે. આ હડતાળના કારણે રિયલ એસ્ટેટ, ઔદ્યોગિક ક્ષેત્ર અને સામાન્ય જનજીવન પર પડેલી ગંભીર અસરોને ધ્યાને રાખીને વલસાડ ડિસ્ટ્રિક્ટ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખીને તાત્કાલિક સુખદ ઉકેલ લાવવા ભારપૂર્વક અપીલ કરવામાં આવી છે. એસોસિએશન દ્વારા મુખ્યમંત્રીને મોકલાવેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, કર્મચારીઓની વ્યાજબી માંગણીઓ પ્રત્યે સહાનુભૂતિ છે, પરંતુ આ હડતાળને પગલે રાજ્યના આર્થિક વિકાસ અને જનહિતને મોટો ફટકો પડ્યો છે. નવા પ્રોજેક્ટ્સ શરૂ કરવા માટે જરૂરી માપણી શીટ, સિટી સર્વે નકશા, પ્રોપર્ટી કાર્ડ અપડેટ, ટાઇટલ ક્લિયરન્સ તથા NA સંબંધી દસ્તાવેજી કામગીરી અટકી પડતાં પ્લાન પાસિંગ અને પરમિશન રોકાઈ ગઈ છે. પરિણામે નવા પ્રોજેક્ટ્સ સમયસર શરૂ કે પૂર્ણ થઈ શકતા નથી. ઘર કે દુકાન ખરીદવા ઈચ્છતા સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોને પ્રોપર્ટી કાર્ડ અને માપણી અહેવાલ ન મળવાને કારણે બેંકોમાંથી હોમ લોન કે મોર્ગેજ મંજૂર થવામાં ભારે અડચણો ઊભી થઈ છે. આ ઉપરાંત વારસાઈ નોંધ, હક્ક કમી, વહેંચણી અને બક્ષિસ દસ્તાવેજોના કામો પણ અટવાઈ પડ્યા છે. બાંધકામ ક્ષેત્ર સ્થગિત થવાથી તેની સાથે સંકળાયેલા કડિયા, સુથાર, પ્લમ્બર, ટ્રાન્સપોર્ટર્સ, નાના વેપારીઓ અને સામગ્રી સપ્લાયર્સનું કામકાજ ધીમું પડી ગયું છે. નવી સાઈટો શરૂ ન થતાં દૈનિક મજૂરી કરી ગુજરાન ચલાવતા લાખો શ્રમિક પરિવારો સામે આજીવિકાનું સંકટ ઊભું થયું છે.

નવા ઔદ્યોગિક એકમો માટે જમીન માપણી, સીમાચિહ્નોની ખાતરી, લે-આઉટ વેરિફિકેશન કે ટાઇટલ વેરિફિકેશન સમયસર ન થવાથી રાજ્યમાં આવનારા નવા મૂડીરોકાણ અને ઔદ્યોગિક વિકાસની ગતિ મંદ પડી ગઈ છે.

દસ્તાવેજ રજિસ્ટ્રેશન, નકશા ફી, માપણી અરજીઓ અને વિવિધ પ્રીમિયમ વસૂલાત ખોરવાઈ જતાં સરકારની તિજોરીને સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફી પેટે મળતી કરોડો રૂપિયાની મહેસૂલી આવકનું મોટું નુકસાન થઈ રહ્યું છે.

રાજ્ય અને પ્રજાના વ્યાપક હિતમાં સરકારે કર્મચારી સંગઠનો સાથે ત્વરિત અને સકારાત્મક સંવાદ સાધીને તેમની વ્યાજબી માંગણીઓનો તાત્કાલિક સુખદ અંત લાવવો જોઈએ, જેથી સિટી સર્વે અને જમીન દફતરની અટકેલી તમામ કામગીરી પુનઃ શરૂ થઈ શકે અને સામાન્ય નાગરિકો તેમજ વેપાર જગતને રાહત મળે તેવી એસોસિએશન દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

## ભિલાડ વિસ્તારમાં ટાસ્ક ફોર્સનું સઘન ચેકિંગ

### શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની વેચાણ પર પ્રતિબંધની ચકાસણી કરાઈ : ૪૨ લોકો પાસે રૂ. ૮૧૦૦નો દંડ વસૂલાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને પોલીસ વિભાગ સાથે મળી સ્ટીયરીંગ કમિટી દ્વારા ઉમરગામ તાલુકામાં ભિલાડ અને તેની આજુબાજુના વિસ્તારમાં ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં તમાકુ કે તમાકુની બનાવટ વેચતા નાના મોટા પાનના ગલ્લા, પાર્લર અને જાહેરમાં ધુમ્રપાન કરનાર કુલ ૪૨ લોકો સામે કેસ કરી રૂ. ૮૧૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

તદઉપરાંત કલમ-૪ જાહેરમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ તથા કલમ-૬(અ)૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ પર પ્રતિબંધ છે. તથા કલમ-૬(બ) શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની વેચાણ પર પ્રતિબંધ છે તેમજ આજુબાજુનાં પાનના ગલ્લાવાલાને ચેતવણી આપવામાં આવી કે, તમાકુથી કેન્સર થાય છે અને ૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ પર પ્રતિબંધ છે. આરોગ્ય વિષયક ચેતવણી વિના તમાકુ અને સિગારેટની અન્ય બનાવતોનું છૂટક વેચાણ પર -તિબંધ છે આવી સુચના આપવામાં આવી હતી.

ઉપરોક્ત કામગીરી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.કે. સિંહ, એપેડેમિક મેડીકલ ઓફિસર ડો. મનોજ પટેલની સુચના અને માર્ગદર્શન હેઠળ ડિસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ આરોગ્ય વિભાગ, ફૂડ અને ડ્રગ્સ વિભાગમાંથી જે.કે.ચૌધરી, પોલીસ વિભાગમાંથી હેડ કોન્સ્ટેબલ હેમંત જે. પટેલ અને જિલ્લા ટોબેકો સેલમાંથી કાઉન્સેલર એસ.ઝેડ.બાગુલ અને સોશિયલ વર્કર એ.એ.પટેલ હાજર રહી સફળતાપુર્વક કામગીરી કરવામાં આવી હતી.

## અંભેટીની નવોદય વિદ્યાલયના વિદ્યાર્થીઓ ફરી રાષ્ટ્રીય સ્તરે ઝળકયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** અંભેટી ગામમાં આવેલી પીએમશ્રી જવાહર નવોદય વિદ્યાલયે રાષ્ટ્રીય યુવા સંસદ સ્પર્ધામાં સતત બે વર્ષથી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી સમગ્ર વલસાડ જિલ્લા તેમજ ગુજરાત માટે ગૌરવની ક્ષણ સર્જી છે.

૨૬મી રાષ્ટ્રીય યુવા સંસદ સ્પર્ધા ૨૦૨૪-૨૫ દરમિયાન પીએમશ્રી જવાહર નવોદય વિદ્યાલયે પુણે ક્ષેત્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ વર્ષે પણ ૨૭મી રાષ્ટ્રીય યુવા સંસદ સ્પર્ધા ૨૦૨૫-




૨૬માં લખાયો છે. સત્તાવાર પરિણામ અનુસાર, પીએમશ્રી જવાહર નવોદય વિદ્યાલય, વલસાડે ફરી એકવાર પુણે ક્ષેત્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે તેમજ મેરિટ ટ્રોફી માટે પસંદગી મેળવી છે.

જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન, જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. રાજશ્રી ટંડેલનું તથા વદ્યાલયના વર્તમાન પ્રાચાર્ય રાજુલ શામકુવર શૈક્ષણિક દિશાનિર્દેશન, માર્ગદર્શન તથા પ્રોત્સાહન પણ આ સફળતામાં મહત્વપૂર્ણ રહ્યું છે.

## વાપીથી પીએમ મુદ્રા યોજનાની લાભાર્થી તબીબે દિલ્હી સંવાદમાં ભાગ લીધો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**વાપી, તા.૨૨ :** કેન્દ્ર સરકાર દ્વારા નવોદિત સાહસિકો, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને તેમની કારકિર્દીમાં મદદરૂપ થવાના હેતુથી ચલાવાઈ રહેલી પીએમ મુદ્રા યોજના દેશભરમાં અનેક માટે ઉપયોગી નીવડી રહી છે. આ પી.એમ. મુદ્રા યોજનાના લાભાર્થીઓ સાથે કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે તાજેતરમાં દિલ્હીમાં એક સંવાદ યોજ્યો હતો અને તેમના આ યોજના થકી થયેલા લાભ અને અનુભવ અંગે જાણકારી મેળવી હતી. સમગ્ર દેશમાંથી પી.એમ. મુદ્રા યોજના હેઠળ લાભ મેળવનાર લાભાર્થીઓ પૈકી પસંદગીના લાભાર્થીઓને નિર્મલા સીતારામન સાથે દિલ્હીમાં સંવાદ કરવાની તક મળી હતી. જેમાં વાપીના ટુકવાડા ખાતે એસ.કે. ડેન્ટલ ક્લિનિક ચલાવતા ડો. તેજસ્વીની કમલેશ પટેલની પણ પસંદગી થઈ હતી. તેમણે દિલ્હીમાં કેન્દ્રીય નાણામંત્રી સાથે પોતાના અનુભવ વર્ણવતા જણાવ્યું હતું કે તેમને વાપીની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા શાખામાંથી વડાપ્રધાનની પીએમ મુદ્રા યોજના પી.એમ.એમ.વાય અંગે જાણકારી મળી હતી. ઈ.સ.૨૦૨૪માં બીડીએસ કર્યા પછી પોતાનું ડેન્ટલ ક્લિનિક શરૂ કરનાર ડો. તેજસ્વીની તે માટે ઇક્વિપમેન્ટ અને ડેન્ટલ ચેર જરૂર હતી આ માટે તેમણે પીએમ મુદ્રા યોજના હેઠળ રૂા. ૪.૭૫ લાખના ભંડોળ માટે એસબીઆઈમાં જાન્યુઆરી ૨૦૨૪માં અરજી કરી હતી જે તરત જ મંજૂર થઈ ગઈ હતી. અને આ યોજના હેઠળ નાણા ભંડોળ પ્રાપ્ત થતાં આઠમી ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ તેમણે ટુકવાડામાં પોતાનું ક્લિનિક શરૂ કરી દીધું હતું. આજે તેમનું ક્લિનિક સફળતાપૂર્વક ચાલી રહ્યું હોવાની માહિતી પણ કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન સમક્ષ રજૂ કરી હતી અને આ યોજના માટે કેન્દ્ર સરકાર અને વડાપ્રધાનનો આભાર પણ માન્યો હતો.


દમણગંગા ટાઈમ્સ
દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191



પંચવટી કા રાજા (શ્રી ગજાનંદ યુવક મંડળ) બીલીમોરા




રાજાઓ કા રાજા (આર ઝોન ગૃપ, કાંકરા ખાડી) બીલીમોરા




ખામોશ ગૃપ (સ્વસ્તિક યુવક મંડળ) બીલીમોરા



બીવાયજીએમ ગૃપ, વાંકા મહોલ્લા, બીલીમોરા




નાંદરખા વાંઝરી ફળિયા તા. ગણદેવી

## ડાંગમાં શેરડી કામદારોના હક્ક માટે મજૂર અધિકાર મંચનું કલેક્ટરને આવેદન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૨૨ :** ડાંગ જિલ્લા મજૂર અધિકાર મંચ દ્વારા શેરડી કાપણીના કામ સાથે સંકળાયેલા ગરીબ આદિવાસી મજૂરોના હક્કો અને અધિકારોના રક્ષણ માટે ડાંગ જિલ્લા કલેક્ટરને સંબોધીને મહત્વનું આવેદનપત્ર આપવામાં આવ્યુ છે. આવેદનમાં સરકાર દ્વારા તા.૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા મુજબ શેરડી કાપણી કામદારોને રૂા.૪૭૬ પ્રતિ ટન લઘુત્તમ વેતન ચૂકવવાની માંગ કરવામાં આવી છે. મજૂર અધિકાર મંચના જણાવ્યા મુજબ, સરકાર દ્વારા શેરડી કાપણીના કામદારો માટે લઘુત્તમ વેતન નક્કી કરવામાં આવ્યું હોવા છતાં અનેક સુગર ફેક્ટરીઓમાં કામદારોને નક્કી કરાયેલું સંપૂર્ણ વેતન ચૂકવવામાં આવતું નથી. કેટલીક જગ્યાએ નિયત દર કરતાં ઓછું વેતન ચૂકવાતું હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. જેના



કારણે આદિવાસી મજૂરોને આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે અને તેમના પરિવારો પણ મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. આવેદનપત્રમાં મજૂર અધિકાર મંચ દ્વારા સરકાર સમક્ષ વિવિધ માંગણીઓ રજૂ કરવામાં આવી છે.જેમાં શેરડી કાપણી કરતા તમામ કામદારોને રૂા.૪૭૬ પ્રતિ ટનના દરે લઘુત્તમ વેતન સંપૂર્ણપણે ચૂકવવા, મુકાદમોને તેમનું રૂા.૧,૦૦૦ કમિશન અલગથી ચૂકવવા તેમજ કામદારો માટે કામના સ્થળે યોગ્ય શેડ, પીવાનું શુદ્ધ પાણી, વીજળી અને શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની માંગ કરવામાં આવી છે.આ ઉપરાંત, કામદારો સાથે સ્થળાંતર કરીને આવતા બાળકો માટે આંગણવાડી તથા ટેન્ટ સ્કૂલની વ્યવસ્થા કરવા, શેરડી કાપણી કામદારો માટે અકસ્માત વીમાની સુવિધા ઉપલબ્ધ કરાવવા તેમજ અકસ્માતમાં મૃત્યુ થાય તેવા કિસ્સામાં તેમના વારસદારોને યોગ્ય વળતર મળે તે માટે સુગર ફેક્ટરીઓ દ્વારા અલગથી વ્યવસ્થા કરવા માંગ કરવામાં આવી છે.મજૂર અધિકાર મંચે શેરડી કાપણી કરતા કામદારોના માલિક તરીકે જવાબદાર વ્યક્તિ અથવા સંસ્થાની સ્પષ્ટ રીતે ઓળખ અને જવાબદારી નક્કી કરવાની પણ માંગ કરી છે. મંચ દ્વારા જણાવાયું છે કે, શેરડી કાપણી કામદારોના વેતન, મૂળભૂત અધિકારો અને કામના સ્થળે જરૂરી માનવીય સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે સરકાર અને સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠાવી છે.

## ડાંગ એસ.પી. કચેરી ખાતે ગણેશ વિસર્જનને લઈ બેઠક યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૨ :** વિઘ્નહર્તા દેવ ગણેશજીના વિસર્જનને લઈ ડાંગ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. ડાંગ જિલ્લા એસ.પી. કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં જિલ્લાના વિવિધ ગણપતિ મંડળોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતાં. બેઠક દરમિયાન ડાંગ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ દ્વારા ગણપતિ મંડળોના પ્રતિનિધિઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. ગણેશોત્સવ આનંદ અને ઉલ્લાસનો પર્વ છે. ત્યારે વિસર્જન કાર્યક્રમ શાંતિપૂર્ણ અને સલામત રીતે સંપન્ન થાય તે માટે સૌ કોઈએ પોલીસ તંત્રને સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી. સાથે વિસર્જન વખતે તરવૈયાની ટિમ, પોલીસ ની ટિમ ખડેપગે હાજર રહેશે. વધુમાં, આવનારા સમયમાં જિલ્લાના



તમામ ગામો અને વિસ્તારોમાં કુદરતી સંપદાનું જતન જળવાઈ રહે તે સાથે પરંપરાગત તહેવારોનું મહત્વ પણ જળવાઈ રહે અને પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે તહેવારોની ઉજવણી કરવામાં આવે તેવી અપીલ કરવામાં આવી હતી. ગણેશ વિસર્જન દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને સૌ કોઈ શાંતિપૂર્ણ માહોલમાં ગણેશજીને વિદાય આપે તે માટે પોલીસ તંત્ર દ્વારા જરૂરી તૈયારીઓ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠક દરમિયાન ડાંગ જિલ્લાનાં પોલીસ વડા પૂજા યાદવ તેમજ ત્રણે તાલુકાનાં પોલીસ ઈન્સ્પેક્ટર અને ગણેશ મંડળોનાં પ્રતિનિધિઓ તેમજ આહવા નગરનાં સરપંચ હરિરાભાઈ સાવંત ઉપસ્થિત રહ્યા હતાં.

## ખેરગામના તોરણવેરા ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૨૨ :** ખેરગામ તા.ના છેવાડેના તોરણવેરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય પરિવાર અને ગ્રામજનોના સહયોગથી રક્તદાન યજ્ઞનું આયોજન કરતા, રક્તદાન કરો, કોઈનું જીવન બચાવો-ના સંદેશ સાથે યોજાયેલા આ યજ્ઞમાં ગ્રામજનો, યુવાનો તેમજ પ્રાથમિક શાળાના શિક્ષકોએ પણ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી શિબિરમાં ૧૬ બેગ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

સરપંચ સુનિલભાઈ ડાભડીયા, ખેરગામ તા. આ. અધિકારી ડૉ. પ્રગ્નેશ દેસાઈ, તા.



પં. સભ્ય શિલ્પાબેન ભા.વાઢુ, માજી તા પં. ઉપપ્રમુખ ગમનભાઈ હુડકિયા, ગ્રામ પં. સભ્ય ભાવેશ વાઢુ -નથ.શાળાના આચાર્ય હેમાંગ ટંડેલ સહિત ગામના આગેવાનો અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલની બ્લડ બેન્કની ટીમ દ્વારા જરૂરી તબીબી વ્યવસ્થા અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. બ્લડ બેન્કની ટીમ દ્વારા રક્તદાતાઓની જરૂરી તબીબી તપાસ કરી નિયમો મુજબ રક્ત એકત્ર કરવાની કામગીરી કરવામાં આવી હતી. શ્રીમદ્ રાજચંદ્ર બ્લડ બેન્કના સહયોગથી રક્તદાન યજ્ઞ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

રક્તદાતાઓને પ્રોત્સાહનરૂપે ટિફિન બોક્સ ભેટ આપવામાં આવ્યા હતા. રક્તદાતાઓનું સન્માન કરી તેમના અમૂલ્ય યોગદાન બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## મજીગામ ખાતે વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૨ :** દમણિયા હોસ્પિટલ-ગણદેવી તેમજ જનસેવા ગ્રુપ-મજીગામના સંયુક્ત ઉપક્રમે અને અમેરિકા-અડદા નિવાસી રમેશભાઈ નાથુભાઈ પટેલના આર્થિક સૌજન્યથી ગત શનિવારે મજીગામ ખાતે વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં હૃદયરોગ નિષ્ણાંત ડૉ. મિનેષ પટેલ, જનરલ સર્જન ડૉ. રાજેશ પટેલ, સ્ત્રીરોગ નિષ્ણાંત ડૉ. દ્વિતિય મોદી, દંતરોગ નિષ્ણાંત ડૉ. યશ ટંડેલ તેમજ નેત્રરોગ નિષ્ણાતોની ટીમે કુલ ૧૮૫ દર્દીઓની સઘન



આરોગ્ય તપાસ કરી સલાહ-માર્ગદર્શન આપ્યું હતું. લાભાર્થીઓને જરૂરી દવાઓ, ડાયાબિટીસ (સુગર) તપાસ અને ઈસીજી (ECG) જેવી સેવાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી હતી, જ્યારે મોતિયાના ૬ દર્દીઓને ચિહ્નિત કરી તેમના ફેકો મશીન દ્વારા વિનામૂલ્યે ઓપરેશન દમણિયા હોસ્પિટલ ખાતે કરી આપવાનું નક્કી કરાયું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ અરવિંદ કાપડિયા, ટ્રસ્ટી અશ્વિનભાઈ કાપડિયા, મેનેજર ઈમેશ ગાંધી, મયુરીબેન ત્રિવેદી તેમજ જનસેવા ગ્રુપના પ્રતિનિધિઓ અને ગામના અગ્રણીઓએ ઉપસ્થિત રહી સૌને આવકારી આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી.

# મનની ગૂંચવણથી, મનની શાંતિ સુધીની આયુર્વેદિક સફર


આજના ઝડપી અને સતત બદલાતા જીવનમાં શરીરની તંદુરસ્તી જેટલું જ માનસિક સ્વાસ્થ્ય પણ મહત્વનું બની ગયું છે. કામનું વધતું દબાણ, સ્પર્ધા, એકલતા, બદલાતી જીવનશૈલી, સંબંધોમાં આવતી તણાવપૂર્ણ પરિસ્થિતિઓ અને સતત ડિજિટલ જોડાણના યુગમાં માણસ બહારથી સામાન્ય દેખાતો હોવા છતાં અંદરથી અનેક પ્રકારના માનસિક સંઘર્ષમાંથી પસાર થતો હોય છે.

આવા સમયે માત્ર રોગની સારવાર નહીં, પરંતુ મન, શરીર અને જીવનશૈલી વચ્ચેનું સંતુલન સમજવાની જરૂરિયાત વધુ પ્રબળ બને છે. આ જ સંદર્ભમાં આયુર્વેદના દૃષ્ટિકોણથી માનસિક સ્વાસ્થ્યને સમજવાનો એક રસપ્રદ પ્રયાસ છે પુસ્તક "UNMADA : THE PARADOX WITHIN" An Ayurvedic Exploration of Unmada and Mental Illness. આ પુસ્તકના લેખકો છે ડૉ. કોમલ ખેંગાર અને ડૉ. સચિન દેવા.

'ઉન્માદ' માત્ર એક શબ્દ નહીં, મનની સ્થિતિને સમજવાનો આયુર્વેદિક અભિગમ છે. આયુર્વેદ માત્ર રોગના લક્ષણોને જોતી ચિકિત્સા પરંપરા નથી, તે માનવજીવનને સમગ્રતાથી સમજવાનો પ્રયત્ન કરે છે. મન, શરીર, આહાર, વિહાર, પર્યાવરણ અને જીવનશૈલી વચ્ચેના પરસ્પર સંબંધને આયુર્વેદ વિશેષ મહત્વ આપે છે.

'ઉન્માદ' આયુર્વેદીય સાહિત્યમાં વર્ણવાયેલો એક મહત્વપૂર્ણ માનસિક વિકારનો સંદર્ભ છે. આધુનિક સમયમાં માનસિક બીમારીઓને સમજવા માટે આધુનિક મનોચિકિત્સા અને મેડિકલ સાયન્સની પોતાની વૈજ્ઞાનિક પદ્ધતિઓ છે, ત્યારે આયુર્વેદના પ્રાચીન જ્ઞાનમાં માનસિક






અસંતુલનને કેવી રીતે સમજવામાં આવ્યું હતું, તે અંગે જિજ્ઞાસા જગાવતું આ પુસ્તક એક રસપ્રદ અભ્યાસ રજૂ કરે છે.

પુસ્તકનો વિષય આપણને એક મહત્વપૂર્ણ પ્રશ્ન પૂછવા પ્રેરિત કરે છે. 'માણસની અંદર ચાલતી માનસિક ઉથલપાથલને આપણે ખરેખર કેટલું સમજીએ છીએ ?' આ પ્રશ્નનો જવાબ શોધવાની દિશામાં પુસ્તક આયુર્વેદીય વિચારધારા અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેનો સંવાદ સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે.

ડૉ. કોમલ ખેંગારે ગામડાની ધરતીથી આયુર્વેદ સંશોધન સુધીની સફર ખેડી છે. આ પુસ્તકના સહ-લેખિકા ડૉ. કોમલ ખેંગાર મૂળ સુરત જિલ્લાના માંડવી ગામના વતની છે. તેઓ હાલમાં Parul Institute of Ayurved, Parul University, Limda ખાતે Roga Nidana Evum Vikriti Vigyan વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે સેવારત છે. તેમણે કર્ણાટકની પ્રતિષ્ઠિત SVM Medical College, Ilkalમાંથી સ્નાતકનો અભ્યાસ તથા Parul Institute of Ayurved, Parul University, Limda, Vadodara ખાતેથી અનુસ્નાતક અભ્યાસ પૂર્ણ કર્યો છે.

પાંચ વર્ષથી વધુના ક્લિનિકલ અનુભવ દરમિયાન તેમણે PHC Saputara અને PHC Pimpri (ડાંગ) ખાતે AYUSH Medical Officer તરીકે પણ સેવા આપી છે. કોરોના મહામારીના મુશ્કેલ સમયમાં તેમની સમર્પિત સેવાઓને Corona Warrior Awardથી સન્માનિત પણ કરવામાં આવી હતી. ક્લિનિકલ સેવા સાથે સંશોધન પ્રત્યેની તેમની રુચિએ તેમને વિવિધ સંશોધનાત્મક પ્રકાશનો, પેપર પ્રેઝન્ટેશન, સેમિનાર અને તાલીમ કાર્યક્રમો સાથે જોડ્યા છે. અર્થાત્, આ પુસ્તક પાછળ એક એવી યુવા તબીબની દૃષ્ટિ છે, જેણે ગામડાથી લઈને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ક્લિનિકલ પ્રેક્ટિસ અને સંશોધન સુધીનો અનુભવ મેળવ્યો છે.

બીજી તરફ ડૉ. સચિન દેવા શિક્ષણ, સંશોધન અને આયુર્વેદનો લાંબો અનુભવ ધરાવે છે. પુસ્તકના બીજા સહ-લેખક એવા ડૉ. સચિન દેવા કર્ણાટકના દક્ષિણ કન્નડ જિલ્લાના બંટવાલ તાલુકાના ઈડકીદુ ગામના વતની છે.

### મનને સમજવા આયુર્વેદની નજરે એક નવી સફર
### UNMADA : THE PARADOX WITHIN આયુર્વેદ અને માનસિક સ્વાસ્થ્યને સમજાવતું સંશોધનાત્મક પુસ્તક

તેમણે SDM College of Ayurveda & Hospital, Hassanમાંથી સ્નાતક અભ્યાસ પૂર્ણ કર્યો છે. ત્યાર બાદ SDM College of Ayurveda & Hospital, Udupiમાંથી Roga Nidana Evum Vikriti Vigyanમાં અનુસ્નાતક અભ્યાસ કર્યો અને Parul Institute of Ayurved, Parul University, Vadodara, Gujaratમાંથી Ph.D. પૂર્ણ કર્યું છે. બાર વર્ષથી વધુના અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ શિક્ષણના અનુભવ સાથે તેમણે અનેક અનુસ્નાતક વિદ્યાર્થીઓને સંશોધન અને ડિસર્ટેશન કાર્યમાં માર્ગદર્શન આપ્યું છે.

તેમને Nidana-Brihaspati Award, Best National Nidana Teacher Award, Vikram Sarabhai Innovation Award, JK Patel Memorial Award 2021, Madhavakara Puraskara સહિતના વિવિધ સન્માનો પ્રાપ્ત થયા છે. તેઓ સંશોધન, શૈક્ષણિક પ્રવૃત્તિ અને આયુર્વેદના જ્ઞાનપ્રસાર સાથે પણ સક્રિય રીતે જોડાયેલા છે.

શા માટે આ પુસ્તક આજે મહત્વનું છે ? તે વિશે વાત કરીએ, તો આજના સમયમાં માનસિક સ્વાસ્થ્ય અંગેની ચર્ચા વધી રહી છે, પરંતુ હજુ પણ માનસિક સમસ્યાઓને લઈને સમાજમાં સંકોચ, ગેરસમજ અને કલંક જોવા મળે છે.

આ પરિસ્થિતિમાં "UNMADA : THE PARADOX WITHIN" જેવા અભ્યાસો એક મહત્વપૂર્ણ સંવાદ શરૂ કરી શકે છે, કે માનસિક સ્વાસ્થ્યને માત્ર 'બીમારી' તરીકે નહીં, પરંતુ માનવીના સમગ્ર જીવન અને સંતુલનના પ્રશ્ન તરીકે કેવી રીતે સમજવું ?

આયુર્વેદની પ્રાચીન વિચારસરણીને આધુનિક માનસિક સ્વાસ્થ્યના સંદર્ભમાં સમજવાનો પ્રયાસ સામાન્ય વાચક માટે પણ વિચારપ્રેરક બની શકે છે અને આયુર્વેદના વિદ્યાર્થીઓ, સંશોધકો તથા તબીબી ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો માટે પણ અભ્યાસનો વિષય બની શકે છે.

આયુર્વેદ એટલે માત્ર ઔષધિ નહીં, જીવનને સમજવાની દૃષ્ટિ છે. આયુર્વેદની વિશેષતા એ છે કે તે સ્વાસ્થ્યને માત્ર રોગની ગેરહાજરી તરીકે જોવાને બદલે જીવનના સંતુલન સાથે જોડે છે.

આહાર કેવો હોવો જોઈએ ?, દિનચર્યા કેવી હોવી જોઈએ ?, ઋતુ અનુસાર જીવનશૈલીમાં શું ફેરફાર કરવો ?, મનને શાંત અને સંતુલિત કેવી રીતે રાખવું ?, અને શરીર તથા મન વચ્ચેનું સંતુલન કેવી રીતે જાળવવું ? આવા અનેક પ્રશ્નો આજે પણ એટલા જ પ્રસ્તુત છે જેટલા પ્રાચીન સમયમાં હતાં.

આથી જ આયુર્વેદને આધુનિક સંદર્ભમાં સમજવાની જરૂરિયાત વધી રહી છે. ભારતનું આયુષ મંત્રાલય પણ આયુર્વેદને પ્રિવેન્ટિવ હેલ્થકેર, વેલનેસ અને પુરાવા આધારિત સંશોધન સાથે જોડીને આગળ વધારવા પર ભાર મૂકે છે. Ayush Ministry + UNMADA એક પુસ્તકથી વધુ એક સંવાદની શરૂઆત છે.

"UNMADA : THE PARADOX WITHIN" વાચકને માત્ર આયુર્વેદના એક વિષયથી પરિચિત કરાવતું પુસ્તક નથી. તે મનના એવા આંતરિક વિશ્વ તરફ નજર કરવાની તક આપે છે, જેને ઘણી વખત આપણે જોઈ શકતા નથી, પરંતુ અનુભવી શકીએ છીએ. બહારથી શાંત દેખાતું મન અંદરથી કેટલું અશાંત હોઈ શકે ? અને બહારથી અસ્વસ્થ દેખાતી વ્યક્તિની અંદરની દુનિયાને આપણે કેટલું સમજીએ છીએ ? આવા પ્રશ્નો સાથે પુસ્તક વાચકને આત્મમંથન તરફ દોરી જાય છે.

આયુર્વેદ દિવસની ઉજવણી માત્ર ઔષધિઓ, જડીબુટ્ટીઓ કે પરંપરાગત ચિકિત્સા પદ્ધતિને યાદ કરવાનો દિવસ ન બની રહે, પરંતુ 'સ્વસ્થ શરીર સાથે સ્વસ્થ મન' તરફ સમાજને વિચારવા પ્રેરણા આપતો દિવસ બને, એ જ સાચા અર્થમાં આયુર્વેદના સંદેશને લોકજીવન સુધી પહોંચાડશે.

એક સુંદર સંદેશ સાથે અંત કરીએ. શરીર બીમાર પડે ત્યારે આપણે તરત સારવાર શોધીએ છીએ, પણ મન થાકી જાય ત્યારે ઘણી વાર તેની વાત સાંભળવાનું જ ભૂલી જઈએ છીએ. આયુર્વેદ આપણને યાદ અપાવે છે. સ્વાસ્થ્ય માત્ર શરીરમાં નથી, સાચું સ્વાસ્થ્ય તો શરીર, મન અને જીવન વચ્ચેના સંતુલનમાં વસે છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૩-૦૯-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** ભાદરવો, બારસ, **સૂર્યોદય :** ૦૬ : ૩૨ **સૂર્યાસ્ત** ૦૬ :૩૩, **ચંદ્રોદય** - ૦૪:૩૩ **ચંદ્રાસ્ત** - ૦૪:૦૫ **ચંદ્ર રાશિ :** મકર, **નક્ષત્ર** - શ્રવણ

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** કામકાજમાં જવાબદારી વધે. નાણાકીય બાબતમાં ઉતાવળ ટાળો. પરિવાર તરફથી સહયોગ મળશે.

**વૃષભ (બ, વ, ઉ) :** વેપાર અને નોકરીમાં નવી તક મળી શકે. અટકેલા કામ આગળ વધશે. ખર્ચ પર નિયંત્રણ રાખવું.

**મિથુન (ક, ઘ, ચ) :** વ્યવસાયમાં સંપર્કોનો લાભ મળશે. મહત્વની વાતચીતમાં સ્પષ્ટતા રાખવી. પ્રવાસની શક્યતા.

**કર્ક (ડ, હ) :** કાર્યક્ષેત્રમાં પ્રગતિના સંકેત. પરિવાર સાથે સમય પસાર થશે. પૈસાની બાબતમાં આયોજન જરૂરી.

**સિંહ (મ, ટ) :** સામાજિક સંપર્કો વધશે. નવા કામની શરૂઆત થઈ શકે. વાણીમાં નમ્રતા રાખવાથી લાભ.

**કન્યા (પ, ઠ, ણ) :** કારકિર્દી અને શિક્ષણ માટે દિવસ અનુકૂળ રહી શકે. મહેનતનું પરિણામ મળવાની શક્યતા. ખર્ચ વધે નહીં તેનું ધ્યાન રાખો.

**તુલા (ર, ત) :** સર્જનાત્મક કામ અને સંવાદમાં લાભ. સંબંધોમાં સમજદારી રાખવી. આવક સાથે ખર્ચ પણ વધે શકે.

**વૃશ્ચિક (ન, ય) :** અધૂરાં કામ પૂર્ણ કરવા સારો સમય. પરિવારનો સહયોગ મળશે. મિલકત અથવા નાણાકીય બાબતમાં પ્રગતિ થઈ શકે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** કામમાં થોડો ફેરફાર અથવા નવી જવાબદારી આવી શકે. નિર્ણય લેતા પહેલાં વિચારવું. પરિવાર સાથે મતભેદ ટાળો.

**મકર (ખ, જ) :** ચંદ્ર તમારી રાશિમાં હોવાથી મન અને વિચારો વધુ સક્રિય રહી શકે. વ્યક્તિગત નિર્ણયો માટે દિવસ મહત્વનો બની શકે. રાત્રે ચંદ્ર કુંભમાં જશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** રાત્રે ચંદ્ર તમારી રાશિમાં પ્રવેશશે. નવા વિચારો અને યોજનાઓ બની શકે. ખર્ચ અને આરામ/ઊંઘનું ધ્યાન રાખવું.

**મીન (દ, ચ, થ, ઝ) :** મિત્રો અથવા પરિવાર તરફથી મદદ મળશે. અટકેલા નાણાં અથવા કામમાં હલનચલન થઈ શકે. ભાવનાત્મક નિર્ણય ટાળવો.

## દમણ રેડિયો

**102.3 FM**

आकाशवाणी

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 2 | | 6 | | | |
| 8 | | 4 | | | | 7 | | 6 |
| 3 | 6 | | | 1 | | | 8 | 2 |
| | 7 | | | | | | 9 | |
| 4 | | | 3 | | 9 | | | 5 |
| | 1 | | | | | | 6 | |
| 6 | 5 | | | 3 | | | 7 | 8 |
| 7 | | 2 | | | | 6 | | 9 |
| | | | 4 | | 7 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૭૯નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 4 | 5 | 1 | 2 | 8 | 7 | 6 | 9 |
| 8 | 6 | 7 | 9 | 4 | 5 | 2 | 1 | 3 |
| 1 | 9 | 2 | 7 | 3 | 6 | 5 | 8 | 4 |
| 2 | 7 | 1 | 6 | 8 | 4 | 9 | 3 | 5 |
| 5 | 8 | 9 | 3 | 7 | 2 | 1 | 4 | 6 |
| 6 | 3 | 4 | 5 | 9 | 1 | 8 | 7 | 2 |
| 9 | 2 | 6 | 4 | 1 | 7 | 3 | 5 | 8 |
| 4 | 1 | 8 | 2 | 5 | 3 | 6 | 9 | 7 |
| 7 | 5 | 3 | 8 | 6 | 9 | 4 | 2 | 1 |

# વાવડી-છીપવાડના યુવાનો દ્વારા ૧૭મા વર્ષે રક્તદાન શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** શ્રી વાવડી ગણેશ મહોત્સવ તથા શ્રી નાની છીપવાડ યુવક મંડળના યુવાનો છેલ્લા સોળ વર્ષ થી ગણેશોત્સવ તથા ધુળેટી જેવા ધાર્મિક તહેવારોની ઉજવણીની સાથોસાથ રક્તદાન શિબિરનુ આયોજન કરી અજ્ઞાત માનવજીવન બચાવવાનુ ભગીરથ કાર્ય કરી રહ્યા છે. અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ અતુલ ના સહયોગથી તેમજ શ્રી વાવડી ગણેશ મહોત્સવ તથા શ્રી નાની છીપવાડ યુવક મંડળ દ્વારા આયોજીત ૩૨માં રક્તદાન શિબિરમાં ફક્ત ચાર કલાકમાં ૫૫ જેટલા રકતદાતાઓએ રક્તદાન કરી અનોખી ઉજવણી કરી હતી. આ શિબિરમાં મિતેશ (મોન્ટુ) ભંડારીએ ૧૩૧મી વાર, ઉર્વીશ પ્રજાપતિએ ૫૧મી વાર જેમાં દિવ્યાબેન ભંડારી તથા હર્ષ ભંડારીએ પ્રથમ વખત રક્તદાન કર્યું હતું.

આ રક્તદાન શિબિરમાં વલસાડ સીટી પોલીસ સ્ટેશન ના પી. આઈ. આર. એચ. વાળા ખાસ ઉપસ્થિત રહી રક્તદાતાઓ ને પ્રોત્સાહીત કર્યા હતાં તેમજ મંડળની સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી ભવિષ્યમાં પણ આવા કાર્યો કરતા રહેવા પ્રેર્યા હતાં. આ શિબિરમાં વલસાડ તાલુકા હોલસેલ વેપારી મહામંડળના પ્રમુખ સમીરભાઈ મપારા, સ્નેહ સેવા સંસ્થા વલસાડ ના પિનાકીન કોઠી, વિકી કાનાબાર, પારડીના જાણીતા સામાજીક આગેવાન તથા શતક રક્તદાતા સંજય બારિયા, સુનિલ પટેલ તથા મુકેશ ઓઝાએ હાજર રહી રક્તદાતાઓ ને પ્રોત્સાહીત કર્યા હતા.

અત્રે ઉલ્લેખનિય છે કે રક્તદાન ક્ષેત્રે સતત કાર્યરત તથા આ વિસ્તાર ના યુવાનોમાં રક્તદાન નો ચેપ લગાડનાર શતકવીર રક્તદાતાઓ ભીખુ ભાવસાર તથા મીતેશ (મોન્ટુ) ભંડારી તેમજ અન્ય નિયમિત રક્તદાતાઓ કિરણ ભંડારી, પરેશ પ્રજાપતિ, હિરેન ભંડારી તથા તમામ કાર્યકરો એ આ શિબિરને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

આ રક્તદાન શિબિરમાં વલસાડ રક્તદાન કેન્દ્ર ના મેડીકલ ઓફિસર ડો. નિર્મલ પટેલ તથા તમામ કર્મચારીઓની કામગીરી શિસ્તબદ્ધ તથા સરાહનીય રહી હતી.

# વલસાડની સેન્ટ જોસેફસ ઈ.ટી. હાઈ.માં ઈનામ વિતરણ સમારંભ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** વલસાડ ની સેન્ટ જોસેફસ ઈ.ટી. હાઈસ્કૂલ માં ચિત્રકામ તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા બાળકો વિદ્યાર્થીઓને પાલિકા કાયદા સમિતિ અધ્યક્ષના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. 'વિકસિત ભારત ૨૦૪૭' અને સુશાસનના સંકલ્પ સાથે યોજાઈ રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વલસાડ સ્થિત સેન્ટ જોસેફસ ઈ.ટી. હાઈસ્કૂલ મા વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતા અને વક્તૃત્વ શક્તિને પ્રોત્સાહન આપવા માટે ચિત્રકામ તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની પ્રતિભા દર્શાવી હતી. સ્પર્ધાના અંતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિજેતા વિદ્યાર્થીઓને સમારોહમાં અતિથિ વિશેષ તરીકે વલસાડ નગરપાલિકાના કાયદા સમિતિના અધ્યક્ષ નિતેશ એમ. વશી ના હસ્તે ઈનામો વિતરણ કરવામાં આવ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતુ કે, દેશનું ભવિષ્ય યુવા પેઢીના હાથમાં છે અને આવી રચનાત્મક પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓમાં નેતૃત્વ તથા રાષ્ટ્રસેવાની ભાવના ખીલે છે. આ પ્રસંગે શાળા પરિવાર, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# નાની ઢોલડુંગરીની સાકાર વાંચન કુટીરને કોમ્પ્યુટર તથા ટેબલ્સની ભેટ મળી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૨ :** નાની ઢોલડુંગરી મુકામે વિદ્યાર્થીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનોને આધુનિક સુવિધાઓ મળી રહે તે હેતુથી સાકાર વાંચન કુટીર નાની ઢોલડુંગરી તથા રેનબો વોરિયરના સંયુક્ત ઉપક્રમે કોમ્પ્યુટર તેના ટેબલ્સ અર્પણ કરવાનો કાર્યક્રમ થયો હતો.

આ પ્રસંગે સ્વ. છનાભાઈ નાથુભાઈના પરિવારજનોના સહયોગથી કોમ્પ્યુટર તથા ગ્રામ પંચાયત નાની ઢોલડુંગરી તરફથી કોમ્પ્યુટર ટેબલ અર્પણ કરવામાં આવ્યા હતા. પ્રારંભે સરપંચ યોગેશભાઈ પટેલ, નિવૃત્ત નાયબ જિ. વિ.અધિકારી શંકરભાઈ પટેલ, નિવૃત્ત નાયબ -ા. શિક્ષણાધિકારી ભરતભાઈ પટેલ, માજી ધારાસભ્ય ઈશ્વરભાઈ પટેલ તથા શંકરભાઈ ગરાસિયાના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યુ હતુ.

કાર્તિકેય ગરાસિયાએ કોમ્પ્યુટરના શૈક્ષણિક અને કારકિર્દીલક્ષી ઉપયોગ અંગે માર્ગદર્શન આપતાં વાચકોને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે આજના ડિજિટલ યુગમાં કોમ્પ્યુટર જ્ઞાનના મહત્વ પર -કાશ પાડ્યો હતો. સરપંચ યોગેશભાઈ પટેલે વિદ્યાર્થીઓ અને વાચકોને વધુ સારી સુવિધા મળે તે માટે આગામી દિવસોમાં અલગથી પુસ્તકાલયનું અધ્યતન કુટિર બનાવવા જરૂરી પ્રયાસો શરૂ કર્યા છે. કાર્યક્રમના આયોજનમાં કાર્તિકેય ગરાસિયા, ડૉ. વિરેન્દ્ર ગરાસિયા, મિતેશભાઈ પટેલ તથા કો-ઓર્ડિનેટર શંકરભાઈ પટેલે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

જ્ઞાનથી વિકાસ તરફ એક વધુ પગલું

નાની ઢોલડુંગરી જેવા ગ્રામ્ય વિસ્તારમાં વિદ્યાર્થીઓ અને યુવાનો માટે વાંચન, સ્પર્ધાત્મક પરીક્ષા તથા ડિજિટલ શિક્ષણની સુવિધા ઊભી કરવાની આ પહેલ ગ્રામ્ય યુવાનોના જ્ઞાન અને કારકિર્દી વિકાસ તરફનું મહત્વપૂર્ણ પગલું બની રહી છે. સાકાર વાંચન કુટીરમાં કોમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ થતાં વાચકોને અભ્યાસ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં વધુ સગવડ- સુવિધા પ્રાપ્ત થઈ છે.

# ભેંસધરામાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૨ :** ધરમપુર વિધાનસભા મતવિસ્તારના અંતરિયાળ અને આદિવાસી વિસ્તારોના નાગરિકોને સરકારી સેવાઓ તથા લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે હેતુથી સેવા સેતુ ૨.૧ અંતર્ગત ભેંસદરા -ાથમિક શાળા ખાતે પ્રજાલક્ષી કાર્યક્રમ યોજાયો હતો.કાર્યક્રમમાં ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ તથા મામલતદાર એચ.એમ. ધોળીયા ઉપસ્થિત રહી ગ્રામજનો અને લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. તેમણે વિવિધ સરકારી યોજનાઓ અંગે માહિતી આપી તેમજ નાગરિકોની રજૂઆતો અને -ે સાંભળ્યા હતા. ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરકારની યોજનાઓનો લાભ સમાજના છેવાડાના અને જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી પહોંચે તે જરૂરી છે. અંતરિયાળ વિસ્તારના નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે અને જરૂરી સેવાઓ નજીકમાં જ મળી રહે તે માટે સેવા સેતુ જેવા કાર્યક્રમો મહત્વપૂર્ણ છે.

આ કાર્યક્રમ અંતર્ગત ભેંસદરા ઉપરાંત ઝરીયા, ફુલવાડી, ઉકતા, ટીટુખડક, કેળવણી, પાનવા, ચીંચોઝર, માંકડબન, બરૂમાળ, આવધા તથા સિદુમ્બર સહિતના ગામોના નાગરિકોને વિવિધ સેવાઓ અને યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સરકાર આપના દ્વારે, સેવા સૌના હિતેના સંકલ્પ સાથે યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓ, સ્થાનિક આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દૂધનીમાં પ્રવાસનનો વિકાસ કેટલો વાસ્તવિક ?

## દર વર્ષે કરોડોના ખર્ચ બાદ પણ પ્રવાસીઓ માટે પાયાની સુવિધાઓનો અભાવ, પ્રશાસનની કામગીરી સામે અનેક સવાલો








(મનોજ ભંડારી દ્વારા)

**વાપી, તા. ૨૨ :** સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીનું દૂધનીગામ છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાત, મહારાષ્ટ્ર સહિત અન્ય રાજ્યોના પ્રવાસીઓ માટે 'મીની કાશ્મીર' તરીકે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. કુદરતી સૌંદર્યથી ભરપૂર દૂધની ખાતે દર વર્ષે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટે છે, પરંતુ પ્રવાસન સ્થળ તરીકે તેની લોકપ્રિયતાની સામે અહીં ઉપલબ્ધ સુવિધાઓની સ્થિતિ અનેક સવાલો ઉભા કરી રહી છે. દૂધની ખાતે પ્રવાસીઓ માટે પાયાની સુવિધાઓનો પણ અભાવ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને મહિલાઓ માટે શૌચાલય અને યુરિનલ જેવી આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાને કારણે પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. પ્રવાસીઓની સુરક્ષા માટે જરૂરી સાધનો અને વ્યવસ્થાઓનો પણ અભાવ જોવા મળતો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

પ્રવાસન વિભાગ દ્વારા લાખો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલું મકાન પણ હાલમાં ઉપયોગ વિના ખંડેર હાલતમાં ફેરવાઈ રહ્યું છે. પ્રવાસીઓને સુવિધા આપવાના હેતુથી ઉભી કરાયેલી મિલકતની આવી સ્થિતિ સામે પણ તંત્રની કામગીરી અંગે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

બીજી તરફ દૂધની ગામ પંચાયત દ્વારા પ્રવાસીઓ પાસેથી વાહન પાર્કિંગ માટે ફી વસૂલવામાં આવે છે. પરંતુ પાર્કિંગના બદલામાં પ્રવાસીઓને કેટલી અને કેવી સુવિધા આપવામાં આવે છે તે મુદ્દે પણ સ્પષ્ટતા જરૂરી બની છે. સૌથી ગંભીર બાબત દૂધની જળાશયમાં બોટિંગ દરમિયાન પ્રવાસીઓની સલામતીને લઈને સામે આવી રહી છે. ઊંડા પાણીમાં બોટિંગ માટે જરૂરી નિયમો અને સુરક્ષા વ્યવસ્થાઓનું યોગ્ય પાલન થાય છે કે નહીં તે અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે. પ્રવાસીઓની સુરક્ષા સાથે કોઈ બાંધછોડ ન થાય તે માટે જવાબદાર તંત્ર દ્વારા નિયમોની કડક અમલવારી કરવી જરૂરી છે.

દૂધની અને કોચા ગામ વચ્ચે અવરજવર કરવા માટે અગાઉ બોટનો સહારો હતો જે અંગે પ્રશાસક પ્રફુલભાઈ પટેલ દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું ત્યારે આ વિસ્તારના પ્રવાસન વિકાસને નવી દિશા મળશે અને પ્રવાસીઓની સંખ્યામાં વધારો થશે તેવી અપેક્ષા હતી. પરંતુ બ્રિજ બન્યા બાદ પણ જો પ્રવાસન સ્થળ પર પાયાની સુવિધાઓ જ ઉપલબ્ધ ન હોય તો માત્ર માળખાકીય વિકાસથી ટુરિઝમને કેટલો લાભ થશે તે મોટો પ્રશ્ન છે.

એક સમયે પ્રવાસીઓથી ધમધમતું દાનહનું દૂધનીગામ હવે યોગ્ય સુવિધાઓના અભાવે પોતાની પ્રવાસન ક્ષમતા ગુમાવી રહ્યું હોવાની લાગણી પ્રવાસીઓમાં જોવા મળી રહી છે. પ્રવાસન સ્થળની જાળવણી, સ્વચ્છતા, શૌચાલય, પાર્કિંગ, બોટિંગ દરમિયાન સુરક્ષા તથા અન્ય પાયાની સુવિધાઓ અંગે તાત્કાલિક ધ્યાન આપવાની જરૂરિયાત છે. પ્રવાસીઓની માંગ છે કે સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ દીવ ના પ્રશાસક પ્રફુલભાઈ પટેલ દ્વારા સમગ્ર મામલે સ્થળ તપાસ કરાવી પ્રવાસન વિભાગની કામગીરીની સમીક્ષા કરવામાં આવે અને દૂધની ખાતે જરૂરી સુવિધાઓ તાત્કાલિક ઉપલબ્ધ કરાવવામાં આવે. કુદરતે આપેલા આ અદભૂત પ્રવાસન સ્થળને માત્ર નામ પૂરતું 'મીની કાશ્મીર' રાખવાને બદલે જરૂરી સુવિધાઓ અને સુરક્ષા વ્યવસ્થા સાથે ફરી એકવાર વિકસાવવામાં આવે તેવી બહાર ગામના પ્રવાસીઓમાં માંગ ઉઠી રહી છે.

# વાપીમાં જીપીસીબી કચેરી ખાતે સફાઈ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** સ્વચ્છતા અભિયાન ૨૦૨૬ અંતર્ગત વાપી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB)ની કચેરી ખાતે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કચેરી તથા તેની આસપાસના ૧૦૦ મીટર વિસ્તારની સફાઈ હાથ ધરી હતી.

સ્વચ્છતા અભિયાનનો મુખ્ય હેતુ કચેરી પરિસર તેમજ આસપાસનો વિસ્તાર સ્વચ્છ અને સુંદર રાખવા સાથે સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો હતો. સફાઈ દરમિયાન કચેરી તથા આસપાસના વિસ્તારમાંથી કચરો એકત્ર કરી યોગ્ય રીતે તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓએ સ્વચ્છતા જાળવવા તથા અન્ય લોકોને પણ સ્વચ્છતા માટે -રિત કરવા અંગે કચેરી પરિસરમાં સ્વચ્છતાના શપથ લીધા હતા. કાર્યક્રમનું આયોજન વાપી જી પી સી બી ના મુખ્ય અધિકારી એ .જી. પટેલની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડેપ્યુટી ઈજનેર ઈન્દ્રવદન એસ. પટેલ, SSO રચનાબેન સુરતી, વિવિધ ઈજનેરો તથા કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહી સ્વચ્છતા અભિયાનમાં જોડાયો હતો.

# વાપીની આર. કે. દેસાઈ કોલેજનું ગૌરવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત દ્વારા આયોજિત અંબાબા કોમર્સ કૉલેજ, સબરગામ ખાતે હાલમાંજ રમત -ગમ્મત ક્ષેત્રે ઈન્ટર કોલેજ બોક્સિંગ ની સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત બોકસિંગ સ્પર્ધામાં વિવિધ ક્ષમતાઓ ધરાવતા વિવિધ કોલેજોના સ્પર્ધકોએ ભાગ લઈ પોતાની ક્ષમતાઓ પ્રદર્શિત કરી હતી.જેમાં આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજના વિધાર્થી સત્યમ રોહિતભાઈ જેના (S.Y. BBA )ના વિદ્યાર્થીએ ત્રીજો ક્રમ (bronze medal) પ્રાપ્ત કર્યો હતો. તેમની આ સિદ્ધિ માટે કોલેજના ફિઝીકલ એજ્યુકેશનના અધ્યાપક ડૉ. પ્રફુલભાઇ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને રમત ગમત ક્ષેત્રે ઊંચા સ્તરે પોહચાડવા એમનું પ્રોત્સાહન અને તેમની ટ્રેનિંગ આપવા માટે મોટો ફાળો રહ્યો છે.

વિદ્યાર્થીએ આ સિદ્ધિ મેળવવા બદલ માર્ગદર્શકની મહેનત માટે સંસ્થાના ચેરમેનશ્રી મીલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ, કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. શીતલ ગાંધી, બી. બી. એ વિભાગના હેડ ડૉ. પ્રિન્સી ઠાકુરએ અભિનંદન પાઠવ્યા હતા.

# વલસાડના 'ડાંગ દરબાર' ગણેશોત્સવમાં શિવ-પાર્વતી સ્વરૂપની મૂર્તિ આકર્ષણનું કેન્દ્ર




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** શહેરના બેચર રોડ પર આવેલા સુપ્રસિદ્ધ 'ડાંગ દરબાર' ખાતે આ વર્ષે પણ ગણેશોત્સવ અત્યંત ઉત્સાહ અને ભક્તિભાવપૂર્વક ઉજવાઈ રહ્યો છે. ગયા વર્ષે સ્થાપિત રાધા-કૃષ્ણ સ્વરૂપની મૂર્તિએ શ્રદ્ધાળુઓમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું, ત્યારે આ વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે ભગવાન શિવ અને માતા પાર્વતીના અલૌકિક સ્વરૂપ સાથે બિરાજમાન શ્રીજીની પ્રતિમા ભક્તો માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની છે. ઉત્સવ દરમિયાન બાપા સમક્ષ ૫૧ કિલોની વિશાળ કેક કાપવામાં આવી હતી અને ત્યારબાદ ઉપસ્થિત તમામ ભક્તોમાં પ્રસાદી રૂપે તેનું વિતરણ કરાયું હતું. બાપાના આ અનોખા દર્શન અને મહાપ્રસાદનો લાભ લેવા માટે આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી રહ્યા છે.

આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે સમગ્ર ડાંગ પરિવાર દ્વારા રાત-દિવસ સતત જહેમત ઉઠાવવામાં આવી રહી છે. મંડળના સભ્યોની ઉત્સાહભરી સેવા અને શિસ્તબદ્ધ વ્યવસ્થાને કારણે સમગ્ર વિસ્તારમાં ભક્તિમય માહોલ છવાયો છે. દર્શનાર્થે આવતા ભાવિકો માટે દર્શન અને પૂજા-અર્ચનાની સુચારુ વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

# દમણ નીફટની વિદ્યાર્થીનીએ દિલ્હીમાં 'મોસ્ટ ચિક કલેકશન ટાઈટલ' જીત્યું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૨ :** દિલ્હી ટાઈમ્સ ફેશન વીક ૨૦૨૬ માં NIFT વિદ્યાર્થીએ ઈતિહાસ રચ્યો, મોસ્ટ ચિક કલેક્શન ટાઇટલ જીત્યું દમણ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી (NIFT) દમણ કેમ્પસ માટે એક મોટી સિદ્ધિમાં, ફેશન મેનેજમેન્ટના માસ્ટરના પ્રથમ વર્ષની વિદ્યાર્થીની મેઘા શર્માએ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત દિલ્હી ટાઈમ્સ ફેશન વીકમાં પ્રતિષ્ઠિત મોસ્ટ ચિક કલેક્શને ટાઇટલ જીત્યું છે. ૧૮ થી ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન આયોજિત, આ હાઈ-પ્રોફાઈલ ઈવેન્ટમાં રેમ્પ અત્યાધુનિક ફેશન અને અપ્રતિમ સર્જનાત્મકતા સાથે જીવંત બન્યું. ઉભરતા અને સ્થાપિત ડિઝાઈનરો સામે સ્પર્ધા કરતી, મેઘાએ તેના અદભુત સંગ્રહ, મહારાની ઈન પેરિસ સાથે પ્રેક્ષકો અને ન્યાયાધીશોના દિલ જીતી લીધા. આ એવોર્ડ વિજેતા સંગ્રહ શાહી ભારતીય વારસા અને પેરિસની આધુનિક ભવ્યતાનું એક અનોખું મિશ્રણ રજૂ કરે છે.

મહારાની ઈન પેરિસે એક આધુનિક રાણીને દર્શાવે છે જે આત્મવિશ્વાસ, ગ્રેસ અને કાલાતીત શૈલી સાથે પેરિસની શેરીઓમાં ચાલે છે. આ સિદ્ધિ મેઘાના સર્જનાત્મક દ્રષ્ટિકોણ અને તકનીકી કૌશલ્યને જ પ્રકાશિત કરતી નથી, પરંતુ NIFT દમણ દ્વારા પૂરી પાડવામાં આવતી ઉદ્યોગ-કેન્દ્રિત તાલીમ અને માર્ગદર્શનના ઉત્તમ સ્તરને પણ દર્શાવે છે. NIFT દમણના કેમ્પસ ડિરેક્ટર ખુશાલ જાંગીડે જણાવ્યું હતું કે, આટલા મોટા રાષ્ટ્રીય પ્લેટફોર્મ પર આ માન્યતા NIFT દમણ માટે ખૂબ જ ગર્વની ક્ષણ છે. મેઘાની જીત અમારા કેમ્પસની સર્જનાત્મક પ્રતિભાઓને ઉછેરવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે જે વૈશ્વિક ફેશન દ્રશ્ય પર અમીટ છાપ છોડી શકે છે. જે ડિઝાઈન, ફેશન મેનેજમેન્ટ અને ટેકનોલોજી સહિત તમામ શાખાઓના વિદ્યાર્થીઓને તેમની સર્જનાત્મક સીમાઓને આગળ વધારવા અને ઉદ્યોગમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે સતત પ્રેરણા આપે છે.


# દમણમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૨ :** સેવા પખવાડા હેઠળ, MYBharat દમણ દ્વારા જિલ્લા પંચાયત સાથે સંકલનમાં અમૃત સરોવર ખાતે જળ સંરક્ષણ, પર્યાવરણીય જાગૃતિ, સ્વચ્છતા અને જનભાગીદારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે એક સામુદાયિક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું.અમૃત સરોવર પહેલનો ઉદ્દેશ્ય જળ સ્ત્રોતોનું સંરક્ષણ અને પુનર્જીવિત કરવાનો છે, તેમજ સ્થાનિક સમુદાયની ભાગીદારી અને તેમના જાળવણીમાં સામૂહિક જવાબદારીની ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે. સેવા પખવાડા અંતર્ગત આયોજિત આ પ્રવૃત્તિએ સ્વૈચ્છિક સેવા, સ્વચ્છતા અને કુદરતી સંસાધનોના સંરક્ષણના સંદેશને પ્રોત્સાહન આપ્યું.જિલ્લા પંચાયત પ્રમુખ ધરમ બાબુ પટેલ, ભાવિક પટેલ, પરિયારી પંચાયતના સરપંચ અને પંચાયત સભ્યોએ આ કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો અને MYBharat ના સ્વયંસેવકો સાથે અભિયાનમાં યોગદાન આપ્યું. સ્થાનિક યુવા ક્લબ, થંડર ટેક વોલીબોલ ગ્રુપના યુવાનોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પહેલ MYBharat દમણ, જિલ્લા પંચાયત, સ્થાનિક જનપ્રતિનિધિઓ, પંચાયત સભ્યો અને યુવા સ્વયંસેવકોના પરસ્પર સંકલન અને સામૂહિક પ્રયાસોનું ઉદાહરણ બની અને પાણી અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે સેવા, જનભાગીદારી અને પ્રતિબદ્ધતાનો સંદેશ આપ્યો.

# દમણના વિશાલ ટંડેલે ભાજપ ઓબીસી મોરચાના રાષ્ટ્રીય પ્રમુખની મુલાકાત લીધી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૨ :** ગુજરાતના ઓબીસી પ્રભારી વિશાલ ટંડેલે નવી દિલ્હી સ્થિત ભાજપ મુખ્યાલય ખાતે ભારતીય જનતા પાર્ટી ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજ્યસભા સાંસદ અમરપાલ મૌર્ય સાથે ઔપચારિક મુલાકાત કરી હતી. બેઠક દરમિયાન, સંગઠનાત્મક મુદ્દાઓ અને OBC મોરચાને લગતી વિવિધ પ્રવૃત્તિઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બંને નેતાઓએ સંગઠનને મજબૂત બનાવવા અને OBC સમુદાયને લગતા મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી.

# વાપી મહાનગરપાલિકા : વાપીનો વિકાસ બુઠ્ઠી તલવારથી નહીં થાય : એ માટે ધારદાર તલવાર અને પ્રબળ ઈચ્છાશકિત જોઈએ!

## વાપીના ગ્રામ પંચાયતથી માંડી મનપા સુધીનો શારીરીક વિકાસ થયો પણ સર્વાંગી વિકાસમાં મિંડુ : વાપીમા બે ઘડી બેસવા જેવા સ્થળોનો અભાવ : મહાનગરપાલિકાએ હવે વાપીની કાયાપલટ માટે યુદ્ધના ધોરણે કામ કરવા પડશે : વાપીમાં ગેરકાયદે પાર્કિંગ સામે લાલ આંખ કયારે ? ટ્રાફીક પોલીસ સ્ટેશન સક્રિયતા દાખવે : ગુજરાતની દંભી દારૂબંધી સર્વોચ્ચ અદાલતમાં પણ ચમકી

### દમણગંગાના તીરેથી



- પ્રવિણસિંહ પરમાર
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

અમારાં એક લેખનું મથાળું હતું, 'વાપી ગામડું હતુ ત્યારે સુખી હતું' સમયના વહેવા સાથે વાપીના ઔદ્યોગિક અને વાણિજય ક્ષેત્રના વિકાસ સાથે એ સુખ છીનવાઈ ગયું!

વર્ષ ૧૯૯૪ પહેલાં વાપીમાં નગરપંચાયતનું શાસન હતું. તે વખતે વાપી જીઆઈડીસી વિસ્તાર પણ નગરપંચાયતમાં સમાવિષ્ઠ હતો. એટલે કે વાપીનો મુળ વિસ્તાર ૭.૪૭ ચો.કી. વત્તા ૧૧.૪ ચો.કી.મી. જીઆઈડીસી વિસ્તાર મળી કુલ ૧૮.૮૯ ચો.કી. વિસ્તાર હતો.

દરમિયાન વાપી જીઆઈડીસી વિસ્તારમાં વાપીનગરપંચાયતે ટોલનાકા ઉભા કરતાં ઉદ્યોગપતિઓએ પોતાનું હિત જોખમાતુ હોવાની ઉચ્ચ કક્ષાએ રજુઆત કરતાં જીઆઈડીસી ઉદ્યોગનગરને નોટીફાઈડવિસ્તાર જાહેર કરતાં ૧૧.૪ ચો.કી.મી. વિસ્તાર વાપી નગરપંચાયતના હાથમાંથી સરકી ગયો !

એ પછી વર્ષ, ૧૯૯૪ માં વાપી નગરપંચાયતને અપગ્રેડ કરવામાં આવી અને તે નગરપાલિકામાં પરિવર્તિત થઈ. લગભગ ચાર વર્ષ વાપી નગરપાલિકાનું શાસન વહીવટકર્તા દ્વારા ચાલ્યું. વર્ષ ૧૯૯૪માં નગરપાલિકાની પ્રથમ ચૂંટણી થયેલી તે સમયે વાપી નગર પાલિકાનો વિસ્તાર ૭.૪૭ ચો.કી.નો હતો.

એ પછી વાપી નગરપાલિકાનું સિમાંકન કરવામાં આવતાં આ સિમાંકન સામે જબ્બર વિવાદ ઊભો થયો. પ્રકરણ ગુજરાતની ગવડી અદાલત સુધી પહોંચ્યું. અને લગભય ભારતની સર્વોચ્ચ અદાલત સુધી આ સિમાંકન બાબતની કાનુની લડાઈ પહોચનાર હતી. પરંતુ સરકારને જણાયું કે સિમાંકન બાબત સરકાર વિરુદ્ધ ચુકાદો આવે એમ છે એટલે ફાંસનું ગાળેયુ સિસ્તથી કાઢી લેવા સરકારે અદાલતને જણાવ્યું કે અમે વાપીમાં નવેસરથી સિમાંકન કરવા માંગીએ છીએ. સરકારની આ રજુઆત પછી અદાલતી લડત ઉપર પુર્ણવિરામ મુકાઈ ગયેલું.

એ પછી, સરકારનું સિમાંકન એવું રહ્યું કે વાપી નગરપાલિકામાં ડુંગરા અને ચલાને ભેળવી દેવુ. વર્ષ ૨૦૦૬ માં આ લંડ બેઠક પુરી થઈ અને વાપી નગરપાલિકામાં ડુંગરા- ચલા ભળી જતાં વાપી પાલિકાનો વિસ્તાર ૨૨.૩૨ ચો.કી. થઈ ગયો.

લગભગ ૩૧ વર્ષ સુધી વાપીમાં નગરપાલિકાનું શાસન ચાલ્યું. જે પૈકી ૨૭ વર્ષ નગરપાકિલાની ચૂંટાયેલી બોડીએ શાસનની ધુરા સંભાળેલી.

નગરપાલિકાના શાસન દરમિયાન કેટલાંક વિકાસના કામો થયા જ હતાં એ સ્વીકારીએ તો પણ જનતાને એવુ લાગ્યા કરતું હતું કે તેઓની વિકાસ બાબતની અપેક્ષાઓ મુજબ નગરપાલિકાના શાસને કામો કર્યા નથી.

વાપીના નગરજનો એમ માનતાં હતાં કે વાપી ન.પા. ની સ્લેટ વિકાસ બાબત કોરી છે તો આ સ્લેટમાં અક્ષર પાડવા હવે વાપીને મહાનગરપાલિકાનો દરજ્જો મળવો જોઈએ.

નગરજનોની આ ભાવનાને પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈનો પુરો ટેકો મળતાં તા. ૧-૧-૨૦૨૫થી વાપીને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યો. એ સાથે વાપી તાલુકાના ૧૧ ગામોનો પણ વાપી મહાનગરપાકિલામાં સમાવેશ કરવામાં આવતાં વાપીનો વિસ્તાર વધીને ૭૨ ચો.કી.મી. ઉપરાંતનો થયો. (દમણ જેટલો વિસ્તાર!)

લગભગ ૧ વર્ષ અને ૪ મહિના વાપી મહાનગરપાલિકાનું શાસન ઉચ્ચ સરકારી અધિકારીઓ દ્વારા ચાલ્યું. એ પછી ૨૬-૪-૨૬ના રોજ મનપાના ૧૩ વોર્ડની ૫૨ બેડકોની ચૂંટણી થઈ અને ધારણાપ્રમાણે ભાજપે તેમાં બહુમતી મેળવી.

તા. ૨૮-૫-૨૬ના દિવસે મહાનથરપાલિકાના મેયર તરીકે દક્ષાબેન પટેલ (મહિલા અનામત), ડેપ્યુટી મેયર તરીકે મિતેષભાઈ પટેલના નામની જાહેરાત થઈ. (નાણામંત્રી કનુભાઈ દેસાઈના આર્શીવાદ સાથે)

તા. ૩૦-૬-૨૬ વાપી મનપાની સામાન્યસભામાં વિવિધ સમિતિઓના અધ્યક્ષ અને સભ્યોની ચૂંટણી થઈ.

આમ મહાનગરપાલિકાની તમામ પ્રક્રિયાઓ પુર્ણ થયાને ત્રણ મહિના થઈ ગયા. માની લઈએ કે ચોમાસાના કારણે કેટલાંક વિકાસના કામો થઈ શકયા નહી હોય. પરંતુ હવે વર્ષા વિદાય લઈ રહી છે ત્યારે મનપાના તમામ હોદ્દેદારોએ વાપીના સર્વાંગી વિકાસ માટે યુદ્ધના ધોરણે કામ કરવા મંડી પડવું પડશે. વાપીના ભેંકાર બની રહેલા તળાવોને ફરી બેઠા કરવા પડશે. વાપી મહાનગરપાલિકાના પદાધિકારીઓએ વાપીમાં વરસાદને કારણે બિસ્માર બની ગયેલાં રસ્તાઓ વહેલી તકે દુરસ્ત કરવા પડશે. વરસાદનું બહાનું હવે નહીં ચાલે. વાપીમાં ધોળો હાથી સાબિત થયેલો રૂા. ૧૪૪.૨૦ કરોડના ખર્ચે બનનાર ફોરલેન રેલ્વે ઓવરબ્રીજે વાપી પૂર્વના ઈમરાનનગરથી પશ્ચિમના ચલાના મુકતાનંદ માર્ગ સુધી વાપીને ખંડેર બનાવી દીધેલ છે. સ્થિીત એવી છે કે બીજા બે વર્ષ સુધી આ રેલવે ઓવરબ્રીજ પુરો નહી થાય અને હાલાકીમાં રાહત નહી મળે.

વાપીને રહેવા લાયક બનાવવા મહાનગરપાલિકા બુઠ્ઠ તલવાર વિઝે એ હવે નહી ચાલે. ધારદાર તલવાર સાથે પ્રબળ ઈચ્છા શકિત પણ મનપાએ બતાવવી પડશે. અતિક્રમણો પાછળ પ્રહારો કરવા પડશે. શાકભાજી માર્કેટ બાબત પણ મનપા બુઠઠી તલવાર પુરવાર થયેલ છે. વાપીના તમામ માર્ગો ગેરકાયદે પાર્કિંગથી ફાટફાટ થાય છે. વાપી ચલા રોડ ગેરકાયદે પાર્કિંગ માટે કુખ્યાત બની ગયેલ છે.

જાહેર માર્ગને અવરોધતાં વાહન સામે પગલાં લેવા અગાઉ ઈન્ડીયન પિનલ કોડની કલમ ૨૮૩ હતી જે મુજબ કસુરદાર વાહન ચાલકોને રૂા. ૨૦૦ ના દંડની જોગવાઈ હતી .હવે આ જોગવાઈ ભારતી ન્યાય સંહિતામાં કલમ ૨૮૫ તરીકે ઉમેરાઈ છે અને દંડ રૂા. ૫૦૦૦ નો કરાયો છે.

જાહેર માર્ગને અવરોધતાં કોઈ પણ વાહન સામે ભા.ન્યા. સંહિત મુજબ કાર્યવાહી કરી શકાય છે. જાહેર માર્ગની વ્યાખ્યામાં આવતા કોઈ પણ માર્ગ ઉપર પાર્ક કરેલા વાહનો સામે આ દંડનાત્મક પગલાં લઈ શકાય એમ છે પરંતુ કાયદાનો અમલ જ કયા થાય છે ?

આપણા નાણામંત્રી કનુભાઈ દેસાઈના પ્રયાસોને કારણે મોટા શહેરોમાં જ હોય એવા ટ્રાફિક પોલિસ સ્ટેશનની ભેટ વાપીને મળેલી છે. નેશનલ હાઈવે ઉપરના બલિઠામાં થોડા સમય પહેલાં જ આ પોલિસ સ્ટેશનનો શુભારંભ થયો હતો. એક પો.ઈ. સીહતનો મોટો સ્ટાફ પણ ટ્રાફિક પો.સ્ટે. ને ફાળવાયેલ છે. પરંતુ વાપીમાં જે રીતે ટ્રાફિક જામ અને ગેરકાદે પાર્કિંગનું ન્યુસન્સ ફાટીને ધુમાડે ગયેલ છે. તે જોતાં આ ટ્રાફિક પો. સ્ટે.ની ઉપયોગિતા ઉપર પ્રશ્ન થાય એમ છે. અમારી માન્યતા પ્રમાણે વાપીમાં ટ્રાફિક પોલીસ સ્ટેશન શરુ થયા પછી ટ્રાફક બાબત વાપી ટાઉન અને વાપી જીઆઈડીસી પો.સ્ટે. ની કોઈ ભુમિકા રહેતી નથી. ટ્રાફિક પલીસ સ્ટેશને જ આ સમગ્ર વિસ્તારમાં નગર રાખવાની હોય છે.

**ટ્રાફિક સિગ્નલો વર્ષોથી બંધ !**

વર્ષ ૨૦૦૫માં વલસાડમાં પોલીસવડા તરીકે અભય ચુડાસમા અને જીલ્લા કલેકટર તરીકે દિલીપ રાવળ હતાં ત્યારે વાપીમાં તમામ જંકશનો ઉપર ટ્રાફિક સિંગ્નલો ઉભા કરાયા હતાં. જે આજે વર્ષોથી બંધ હાલતમાં છે. આ સિંગ્નલો ને ચાલુ કરવાનું જાણે કોઈનું ઉત્તર દાયિત્વ જ નથી.!

## દંભી દારુબંધી અંગે હવે તો અક્કલ દોડાવો...!

ભારતની સવોચ્ચ અખદાલતે એક કેસના સંદર્ભમાં એવુ તારણ કાઢયુ હતુ કે, નશાબંધીના કાયદાના કારણે પીવાની ટેવ કે તેના દુષ્પરિણામો અટકાવવાના નથી. દારુબંધીને કારણે અત્યંત જોખમી ઝેરી પીણાથી મોટુ નુકશાન થાય છે. દારૂબંધી થી ગેરકાયદે વેપારને પ્રોત્સાહન મળે છે. અને સરકારને રેવન્યુ પણ ગુમાવવું પડ છે. દારૂબંધીના અમલ પાછળ પણ મોટો ખર્ચ થાય છે. શરાબબંધીના કારણે ભ્રષ્ટાચારનો દાંડિયો રાસ પણ ચાલતો હોય છે. અને ડ્રગ્સની બદિ પણ વધતી હોય છે. સર્વોચ્ચ અદાલતે મહારાષ્ટ્રના મિથેનોલ નિયમો સંદર્ભની એક સુનાવણી દરમ્યાન આ નોંધ કરી હતી.

સર્વોચ્ચત અદાલતે એવું અવલોકન પણ કર્યુ હતું કે દારૂબંધીના અમલના પગલે ગુજરાતે અનેક લઠ્ઠાકાંડનો સામનો કરવો પડશે.

સર્વોચ્ચ અદાલતના અવલોકન પ્રમાણે ગુજરાતમાં ઓછામાં ઓછા દસ મોટા લઠ્ઠાકાંડમાં ૬૦૦થી વધુ નિર્દોષ માનવીઓ મોતને ભેટ્યા છે.

## દાનહના દપાડાના મૃગઉદ્યાન પાસે છેલ્લા ૧૧ વર્ષથી હરણો માટે જોખમી પ્રવૃત્તિ ચાલે છે!

તા. ૨૧-૯-૨૬ના દમણગંગા ટાઈમ્સમાં દપાયા અભયારણ્યમાં રેડ કેટેગરીના ઉદ્યોગો હરણો માટે માટે જોખમી બાની રહ્યા હોવાના સામાચાર પ્રસિદ્ધ થયા છે. આ સમાચારમાં લોખંડ ગાળવાના ભઠ્ઠા અભયારણ્યના મૃગો માટે જોખમી હોવાનો ઉલ્લેખ છે.

આજથી ૨૧ વર્ષ અગાઉ અમે નરોલીની ટેઈટલાઈન સાથે એક અખબારમાં સમાચાર મોકલ્યા હતાં જેનુ મથાળું હતું 'વન્યપ્રાણીઓ માટે વિશ્વમાં અવાજ બુલંદ બની રહ્યો છે ત્યારે દાદરા નગર હવેલીના વન્યપ્રાણીઓની જિંદગી પર તોળાતુ મોટુ જોખમ' સબ હેડિંગ હતું અભયાણ્યની સીમા પર ગેરકાયદે પથ્થરોના ખનનથી પ્રાણીઓની પ્રજનન શકિત પર વિપરિત અસર.


અમે દપાયના ૩૫૦ હેકટર મૃગઉદ્યાન (અખભયારણ્ય) પાસે પાંચ વર્ષથી ચાલતથી ખનન પ્રવૃત્તિ ઉઘાડી પાડી હતી અને આગ્રાના તાજમહાલને ઝાંખો કરી દેનાર લોખંડ ગાળવના ભઠ્ઠાવાળાઓ માટે નગરહવેલીમાં લાલ મજમ બિછાવવામાં આવેલ હોવાનો ઉલ્લેખ કરી જવાબદાર ભઠ્ઠાવાળાઓ સામે લાલ આંખ કરવાની આવશકયતા દર્શાવી હતી.

હવે લાગે છે કે દાદરા નગર હવેલીમાં ૨૧ વર્ષ પછી પણ અભયારણ્યના મૃગો માટે જોખમી પ્રવૃત્તિ બેરોકટોક ચાલુ રહી છે.

આશા રાખીએ પ્રશાસક પ્રફુલભાઈ પટેલ આ સામે ત્રીજુ લોચન ખોલશે.

## આબરૂના સુખ જેવું બીજું કોઈ સુખ નથી

### વાસ્તવિકતા



**સ્વામી સચ્ચિદાનંદ**

(ગતાંકથી શરુ)

મારે મારા આત્માનું કલ્યાણ કરવું છે. દુનિયા પડે ખાડામાં, કોઈ કોઈનું નથી, બધાં સ્વાર્થનાં જ સગાં છે આવી ભાવના રાખનાર સંત ન હોય. અધ્યાત્મવાદી પણ ન હોય તે પલાયન–વાદી છે. તેને કદાચ શાંતિ મળે તોપણ તે સ્મશાનશાંતિ કહેવાય.

મહાપુરુષોને દુઃખ અને ટેન્શન વિનાનું જીવન હોતું નથી. બન્નેમાંથી એકાદ થોડાઘણા અંશમાં તો હોય જ છે. દુંખો, અગવડો દૂર કરવાથી અને સગવડો વધારવાથી દૂર થતાં હોય છે. માત્ર આત્મા–આત્મા કરવાથી નહિ. એક જ ઉદાહરણ પર્યાપ્ત થશે.

અમારી ગૌશાળામાં ગાય અને વાછડી પગ પછાડ–પછાડ કરતી હતી. પૂછડું ઉછાળ–ઉછાળ કરતી હતી. મચ્છર અને માખીઓ તેને ચેન લેવા દેતી ન હતી. તરત જ પૂરી ગૌશાળાને ઝીણી જાળીઓથી મઢી દીધી. હવે એકપણ માખી કે મચ્છર અંદર જઈ શકતાં નથી. હવે ગાય નથી પગ પછાડતી, નથી પૂંછડું ફંગોળતી શાંતિ થઈ ગઈ. આ સાચો ઉપાય છે. માણસો પણ આવું કરી શકે. સાચા ઉપાયો કરો તો સુખી થાવ. કલ્પનામાં રાચવાથી સુખી ન થવાય. સુખ પદાર્થોથી મળતું હોય છે. શાંતિ સમજણથી મળતી હોય છે. પદાર્થો અને સાચી સમજણ(સમ્યકજ્ઞાન)નો મેળ કરો. પદાર્થો પુરુષાર્થથી મળતા હોય છે, પુરુષાર્થવાદી બનો. સમજણ પ્રભુભજન અને સત્સંગથી મળતી હોય છે. પુરુષાર્થ છોડાવનાર અને સાચી સમજણ વિનાના માણસનો સત્સંગ ન કરો. તે ગેરમાર્ગે દોરી જશે. બધું કર્યા પછી પણ થોડાંક દુઃખો અને થોડીક અશાંતિ તો રહેવાનાં જ. તેને સહન કરી લો. હસતાં-હસતાં. પરમસુખ, અખંડસુખ, શાશ્વત–સુખ વગેરે શબ્દોના ચક્કરમાં ન આવો. આવું સુખ હોતું જ નથી. આ તો પોપટરટ માત્ર છે. સુખની સાથે દુઃખ અને શાંતિની સાથે અશાંતિ થોડાઘણા પ્રમાણમાં હોય જ છે. બીજાને સુખી કરો અને બીજાને શાંતિ પમાડો આ જ જીવનનું મહાવ્રત છે. કોઈએ મહાત્મા બુદ્ધને પૂછયું કે દુઃખનું કારણ શું? તો જવાબ મળ્યો કે ઈચ્છા'. સુખી થવું હોય તો ઈચ્છાનો નાશ કરો. ત્યાગ કરો. લોકો ઈચ્છાનાશની સાધનામાં લાગી ગયા. એ સાધના હતું ધ્યાન. ધ્યાન કરો, ધ્યાન કરો. લોકો ધ્યાન કરવા લાગ્યા.

ઈચ્છાહીનતા પુરુષાર્થપ્રેરક નથી હોતી. તે નિષ્ક્રિયતાપ્રેરક હોય છે. પૂરી પ્રજા ધ્યાન દ્વારા ઈચ્છાહીનતા તરફ વળી. તેથી કદાચ શાંતિ તો મળી શકે. પણ સમૃદ્ધિ અને સામ્રાજ્યભાવ ગયો.

કદાચ આ જ કારણસર અહીં એક નિવૃત્તિમાર્ગ નીકળ્યો. કેટલાક અધ્યાત્મવાદીઓ પોતાને ગૌરવપૂર્વક નિવૃત્તિમાર્ગી બતાવે છે. અર્થાત્ અમે હવે કશી પ્રવૃત્તિ નથી કરતા. સંસારના પ્રપંચથી મુક્ત છીએ. સંસારને તેઓ પ્રપંચ માને છે.

ઈચ્છાહીનતા કે ઈચ્છામંદતાથી મોટાં કાર્યો નથી થતાં. તેવી ઈચ્છા જ નથી થતી, આ જ કારણસર અહીં કોલંબસ, વાસ્કો-ડી-ગામં જેમ્સ કૂક, સિકંદર કે નેપોલિયન ન થયા. તેવું થવાની ઈચ્છા જ ન હતી. ન વ્યક્તિને ન રાષ્ટ્રને. ચિંતન જ આવું હતું.

મોટાં અને અતિકઠિન કાર્યો, મહત્ત્વાકાંક્ષાથી થતાં હોય છે. જો ઈચ્છાનો જ ત્યાગ કરવાનો હોય તો મહેચ્છા તો કરે જ કોણ? હવે તો સમજાયું કે દેશ ગુલામ અને ગરીબ કેમ થયો?

માત્ર મહાત્મા બુદ્ધે જ ઈચ્છાનાશની વાત નથી કહી, બીજા ઘણા અધ્યાત્મવાદીઓએ આવી જ વાત કહી છે, કરે છે તેથી તેનો વ્યાપક પ્રભાવ પડ્યો હતો, પડ્યો છે, પ્રજા જે અધ્યાત્મ તરફ વળી તે મહત્ત્વાકાંક્ષા વિનાનું હતું.

ખરેખર ઈચ્છાહીનતા શક્ય જ નથી. ઈચ્છા કુદરતી બક્ષિસ છે. તેથી તો જીવન છે. ઈચ્છા જ પ્રવૃત્તિની પ્રેરક છે. પુરુષાર્થ અને કર્મઠતાની પણ પ્રેરક છે. ઈચ્છાહીન થવા માટે ધ્યાનનો આશરો લેવો પડ્યો. નિવિકલ્પક સમાધિ આનું જ નામ છે. ખરેખર ધ્યાનની જરૂર જ નથી, ધ્યાનથી કામ કરવાની જરૂર છે. પણ કામ જ ક્યાં કરવું છે? નિવૃત્તિ જ નિવૃત્ત કરવી છે. પ્રજા ધ્યાન તરફ વળી. ધ્યાને ઈચ્છાહીનતા અને નિષ્ક્રિયતા આપી, જે અધ્યાત્મ થઈને પૂજાઈ છે. ધ્યાનપૂર્વક કર્તવ્યકર્મ કરનાર જ ધ્યાનયોગી કે કર્મયોગી બને છે. જે કર્તવ્ય છોડાવે, ઘર છોડાવે, સંબંધો તોડાવે, પુરુષાર્થ છોડાવે તેવા ધ્યાન કરવા કરતાં ધ્યાનપૂર્વક કર્તવ્ય શિખવાડે તે ધ્યાન ઉત્તમ છે. કલ્યાણકારી છે. મહાન કાર્યો કરનારી પ્રજા મહાન બનતી હોય છે. ધ્યાન કરનારી નહિ. મહાન પ્રજાથી જ દેશ મહાન બનતો હોય છે. ટ્રકોની પાછળ 'મેરા ભારત મહાન લખી દેવા માત્રથી મહાન ન થવાય. મહત્ત્વાકાંક્ષાવાળી પ્રજા જ મહાન કાર્યો કરતી હોય છે. ઈચ્છાહીન અતિસંતોષી પ્રજા આપોઆપ કનિષ્ઠ પ્રજા થઈ જતી હોય છે.

આપણને ઈચ્છાહીનતા અને અતિસંતોષનો ઉપદેશ આપનારાઓએ આપણને ગુલામ–દરિદ્ર અને પછાત બનાવ્યા ઈચ્છાહીનતા કે અતિસંતોષથી શાંતિ મળે છે. તે વાત સાચી પણ આવી શાંતિ સ્થાયી નથી હોતી. આવી શાંતિથી ઉત્પન્ન થયેલી દરિદ્રતા, ગુલામી, અસુરક્ષા વગેરે નવા પ્રશ્નો ઊભા કરતી હોય છે. તેથી અશાંતિ જન્મતી હોય છે.

નિતાંત સુખ કે નિતાંત શાંતિ હોતી જ નથી. કર્મઠ અને જવાબદારીભર્યું જીવન જીવનારને થોડુંક દુઃખ અને અશાંતિ હોય જ છે. પણ તેથી કર્તવ્ય છોડીને ભગાય નહિ, ભાગે તો તે પલાયનવાદ છે. મોટા ભાગે આવો પણ પલાયનવાદી અધ્યાત્મ અહીં ચાલે છે.

જવાબદારીની સાથે થોડુંક ટૅન્શન રહેતું જ હોય છે. બેજવાબદાર માણસને કશું ટૅન્શન ન હોય. પણ તેવું જીવન એ જીવન જ નથી તે મડદાજીવન છે.

જેમજેમ જવાબદારી મોટી તેમ તેમ ટેન્શન પણ મોટું. પણ તેવા ટૅન્શનને સ્વીકારવું તથા સહન કરવું એ જ મહાપુરુષતા છે. એ મડદાજીવન નહિ પણ મરદજીવન છે.

ઈચ્છાના ચાર પ્રકાર છે ૧. પાપેચ્છા, ૨. કર્તવ્યેચ્છા, ૩. શુભેચ્છા અને ૪. મહેચ્છા ૨૨. બીજાને હાનિ પહોંચાડવાની ઈચ્છા એ પાપેચ્છા છે. પોતાની જવાબદારીઓ પૂરી કરવાની ઈચ્છાને કર્તવ્યચ્છા કહેવાય છે. આવી ઈચ્છા થવી જ જોઈએ. સારા-સારાં પુણ્ય કાર્યો કરવાની ઈચ્છા જ શુભેચ્છા કહેવાય છે. આવી ઈચ્છા પણ થવી જોઈએ. આવી ઈચ્છાથી વ્યક્તિ પુણ્યાત્મા બની પવિત્ર બનતી હોય છે. આવી ઈચ્છા જરૂર થવી જોઈએ. તેનો ત્યાગ ન હોય. (વધુ આવતા અંકે)

## 'નો ટાઈમ' : એક એવી બીમારી જેનો કોઈ ઈલાજ નથી!

**ભાગ્યેન્દ્ર પટેલ**
ભિનાર
(હાલ ને.બુ.ટ્ર., દિલ્હી)

આજકાલ એક એવી બીમારી ઝડપથી ફેલાઈ રહી છે જેનો મેડિકલ ટેસ્ટ થતો નથી અને તેની કોઈ દવા પણ બજારમાં નથી મળતી. લગભગ દરેક ઉંમરના લોકો તેનાથી પીડાય એ બીમારીનું નામ છે–'નો ટાઈમ'!




એક કાલ્પનિક દૃશ્ય જોઈએ. આ બીમારી માટે કોઈ ડૉક્ટર દર્દીને પૂછે કે શું તકલીફ છે? તો દર્દી તરત જવાબ આપશે ડૉક્ટર સાહેબ, મારી પાસે જરાય સમય નથી! ડૉક્ટર પૂછશે ક્યારથી છે આ બીમારી? મુઠ્ઠીમાં મોબાઈલધારક દર્દી કહેશે એ કહેવાનો મારી પાસે સમય નથી! તો ડૉક્ટર કદાચ કહે, તો પછી કાલે આવજો. દર્દી તરત જવાબ આપે, કાલે પણ સમય ન હોય! ડૉક્ટર થોડું વિચારીને કહે, સારું, તો હું દવા લખી આપું છું. દર્દી પૂછે, દવા ક્યારે લેવાની? ડૉક્ટર કહે, દિવસમાં બે વાર પાંચ મિનિટ પોતાના માણસ સાથે વાત કરવી, યોગ્ય સમયે કોઈ જૂના કે ખાસ મિત્રને ફોન કરવો અને કોઈનો ફોન આવે ત્યારે તેને હંમેશાં જ 'પછી'ની યાદીમાં ન મૂકવો. મૂકવો પડે તોય પછી કૉલ બેક કરી જ લેવો. આ સાંભળ્યું ન સાંભળ્યું કરીને દર્દી પ્રિસ્ક્રિપ્શન લઈને બહાર નીકળે ત્યાં સુધી કદાચ ડૉક્ટરનો પોતાનો ફોન વાગી જાય–હેલો... હા, બોલો... અત્યારે થોડો વ્યસ્ત છું, પછી વાત કરું છું! આ બીમારીનાં લક્ષણો આમ સમજાય છે - કોઈને ફોન કરો તો ફોન ઉપાડવામાં આવતો નથી. રિંગ વાગ્યા કરે યા ત્વરિત મેસેજ આવે–હમણાં વ્યસ્ત છું, પછી ફોન કરું છું. કોઈ કહે, મીટિંગમાં છું. અને સૌથી લોકજીભ્યું વાક્ય–પછી કરું છું. સમસ્યા એ કે આ 'પછી' ક્યારે આવશે કે નહીં જ આવે કશું નક્કી નહીં. આ બાજુનાને લાગે કે સામેવાળા ફોન કરવાનું ભૂલી ગયા ને સામેનાને લાગે કે વાત તો પછી કરવાની જ હતી. કરી લેવાશે કદી! આમ 'પછી' ધીમે ધીમે સંબંધોની વાતચીતમાંથી જ ગાયબ થઈ જાય છે. ચારેક દાયકા અગાઉ ફિલ્મ 'પ્રેમ રોગ'નું ગીત–મેં હૂ પ્રેમ રોગી, મેરી દવા તો કરાવો... બહુ લોકપ્રિય થયેલું જેમાં પ્રેમને એક રોગ તરીકે રજૂ કરાયેલ અને તેની દવા તરીકે પોતાના યાર (સાથી-મિત્ર)ને મળવાની તડપ હતી. એ સમયમાં મોબાઈલ ફોન લોકોના જીવનનો ભાગ બન્યા નહોતા. કોઈને બોલાવવા સંદેશો મોકલવો પડતો, કોઈના ઘરે જવું પડતું અથવા કોઈના હાથે ચિઠ્ઠી-ખબર મોકલવી પડતી. આજે એ જ ગીત નવા સંદર્ભમાં હોય તો કદાચ શબ્દો કંઈક આવા બને–મેં હૂ ટાઈમ રોગી, મેરી દવા તો કરાવો... અને દવા પણ કદાચ બહુ અઘરી ન હોય–મારા યારને બોલાવો, મારા મિત્ર સાથે વાત કરાવો, મારા પોતાના લોકો સાથે બે ઘડી બેસાડો! પરંતુ આજના 'ટાઈમ રોગી'ની સમસ્યા એ છે કે તેના યાર ક્યાંય ગયા નથી. મિત્રો છે, સગાં છે, સંબંધીઓ છે અને પોતાના લોકો પણ છે. ફોન પણ હાથમાં જ છે. છતાં વાતચીત માટે સમય નથી! આ બીમારીની સૌથી ગંભીર અસર સંબંધોમાં થઈ રહી છે. માતા-પિતા અને સંતાનો વચ્ચે, અરે પતિ-પત્ની વચ્ચે વાતચીત ઓછી થઈ ગઈ છે. જૂના મિત્રો વર્ષો સુધી મળ્યા વગર હોય તો ફોન થકી પણ દૂરી થઈ ગઈ છે, કેમકે કોઈને કોઈના માટે ટાઈમ નથી માત્ર બિઝનેસ માટે સર્વિસ માટે કામ કામ ને કામ માટે છે અને વગર ખાલી તોય સોશિયલ મિડિયામાં ખપાવવા માટે જ ટાઈમ બચ્યો રહી ગયો છે!

ભાઈ-બહેન પાસે એકબીજાને કહેવા માટે ઘણું હોય પરંતુ વાત શરૂ કરવા માટે યોગ્ય સમય મળતો નથી. પતિ-પત્નીએ ઘરની સંસારની ઘણી વાતો કરવાની છે પણ પછી ક્યારેક સિવાય સમય મળતો નથી! આવામાં સંબંધો જોખમાય છે, ભલે તૂટતા નથી તોય સંવાદ ધીમે ધીમે ઓછો થતો જાય છે. આ બધી મોકાણની વાત એ છે કે કામ, જવાબદારીઓ અને જીવનની દોડધામ પોતાની જગ્યાએ છે પરંતુ પ્રશ્ન એનો છે કે સમય કોના માટે કેટલો બચી રહે છે!

મોબાઈલમાં કલાકો પસાર થઈ જાય, સોશિયલ મીડિયા વખત ખાઈ જાય, વિડિયો રીલ નવરા ન થવા દે પરંતુ કોઈ પોતાના હોય એવાંનોય ફોન આવે તો ટાઈમ એકદમ ખૂટી પડે છે!

અને આ જ 'નો ટાઈમ' નામની બીમારીનું કારણભૂત પાસું છે–સમયની અછત નહીં સમયની પ્રાથમિકતા વધુ મહત્વની બની જાય છે. સમય ન હોવાની બીમારીનું બીજું પણ એક લક્ષણ છે. આજકાલ સંબંધોને તેમની તાત્કાલિક ઉપયોગિતાના આધારે જોવાવા લાગ્યા છે. જેમકે કોઈ વ્યક્તિ અત્યારે કશા કામની નથી તો હાલમાં તેની સાથે વાત કરવાની ય જરૂર શી છે! મોબાઈલ ઘેલછાએ માનસિકતા આવી કરી દીધી છે - જરૂર પડશે ત્યારે ફોન કરી લેવાશે..

ધ્યાન દઈને સમજવાની જરૂર છે કે સંબંધો કોઈ બેંક ખાતું નથી કે જરૂર પડે ત્યારે જ તેમાં જમા-ઉધારનો હિસાબ કરી લેવાય. ખપ પૂરતું લઈ લેવાય! જેમણે અગાઉ ક્યારેક આપણો સાથ આપ્યો હોય, જેમની સાથે વાત કરીને મન હળવું થયું હોય, જેમની સાથે બેસીને આનંદ મળ્યો હોય, એવા લોકો માત્ર એટલા માટે આપણા જીવનમાંથી હવે હાલ પૂરતા નીકળી જાય કે અત્યારે તેમની ખાસ કોઈ જરૂર નથી! પણ એટલું ચોક્કસ કે એમનામાંથી જ જીવનમાં કોની, ક્યારે, ક્યાં જરૂર પડશે એ બનવાજોગ છે. માત્ર જરૂર પડે ત્યારે જ કામ આવતો હોય અને એટલા પૂરતો જ હવે જાળવવો હોય તો શું તે સંબંધ કહેવાય પણ કામ કામ કામ અને કામ પૂરતાઁ શબ્દોએ સંબંધની સાચી કિંમતને વામણી કરી નાખી છે.

આ બધાની વચ્ચેનું બધું કારણ ને ભારણ બની ગયો છે બાપડો મોબાઈલ. એ છે તો છે આપણને જોડવાનું સાધન છે, પરંતુ એ જોડનારો આપણી છાતીસરસો એવો તો ભીડાઈ ગયો છે કે એ જ બની બેઠો છે આપણો સૌથી નિકટનો સાથી, અનન્ય 'સંબંધી!' તે રણકે છે, સંદેશા આપે છે, ફિલ્મો બતાવે છે, મનોરંજન કરે છે અને આખી દુનિયાને આપણી મુઠ્ઠીમાં લાવી દે છે. એકાદ ઘડી નેટવર્ક ખોરવાય કે બેટરી ડાઉન થઈ છે બસ ભારે થઈ જીવ તાળવે ચોંટી જાય! આ જ અકળામણમાં આપણે ભૂલી જ બેઠા છઈએ કે મોબાઈલ નિર્જીવ વસ્તુ જ છે. તે આપણો સાચો સગો નથી ને ક્યારેય બની પણ શકવાનો નથી. મુશ્કેલીના સમયે મોબાઈલ ખૂબ ઉપયોગી બની શકે છે. દૂર બેઠેલી વ્યક્તિ સાથે ક્ષણમાં સંપર્ક થઈ શકે છે, મદદ માગી શકાય છે અને મદદ મોકલી પણ શકાય છે. પરંતુ મોબાઈલની સ્ક્રીન પર દેખાતો ચહેરો અને સામે બેસીને કોઈ પોતાના માણસે આપેલી હૂંફ–આ બંને વચ્ચેનો તફાવત તો રહેશે જ. સંદેશામાં લખેલું ચિંતા ન કરશો અને સામે બેસીને પોતાના માણસે કહેલું હું છું ને–આ બંને વચ્ચેનું અંતર કોઈ ટેક્નોલોજી ક્યારેય પૂરું નહીં કરી શકે. વિડંબના એ છે કે મોબાઈલ માણસને માણસ સાથે જોડવા માટે આવ્યો પણ એ જ મોબાઈલ આજે માણસ અને માણસની વચ્ચે જાણે રસ્તાનો પથ્થર બની ગયો છે જેણે એક જ ઘરનાં નજીક રહેલાં લોકોને ય એકબીજાથી છેટાં કરી દીધાં છે. ઘરમાં સંવાદ બે માણસો વચ્ચે ઓછો અને બે મોબાઈલ વચ્ચે વધારે થવા લાગ્યો છે!

આપણી વાત હતી 'નો ટાઈમ' બીમારીની. અને તે પણ મોબાઈલ પર વાત કરવાની તો ત્યાં જ આવીએ. કદાચ માત્ર સમયની બીમારી નથી. એ ક્યાંક ને ક્યાંક સંબંધોને સમય આપવાની આદત ઓછી થવાની બીમારી પણ છે. મોબાઈલને જીવનમાંથી દૂર કરવાની વાત નથી. મોબાઈલ જરૂરી છે, ઉપયોગી છે અને આધુનિક જીવનનું અનિવાર્ય માધ્યમ છે. પરંતુ માધ્યમ અને સંબંધ વચ્ચેનો તફાવત ભૂલાઈ ન જાય એટલું કદાચ પૂરતું છે.

કારણ કે કોઈ પોતાના માણસને હંમેશાં કલાકોની જરૂર હોતી નથી. ક્યારેક બે મિનિટની વાત, એક નાનો ફોન કે માત્ર એટલું–તમારી યાદ આવી એટલે ફોન કર્યો–પણ ઘણું હોય છે. આપણે ક્યારેક પોતાને જ પૂછી શકીએ–શું મારી પાસે ખરેખર સમય નથી કે મેં કોઈ માટે સમય કાઢવાનું બંધ કરી દીધું છે?

આભાસી દુનિયા આભાસી જ રહેવાની છે અને એવા જ આભાસી સંબંધો જે દિલને બહેલાવનારા સોશિયલ મીડિયામાં બંધાયા છે.

એ કશે કામ નથી આવવાના ત્યારે કામ આવવાનાં છે મિત્ર-સંબંધીઓ જ. આભાસી સંબંધો સમય વિતાવવાની ખૂબ સરસ અનુભૂતિ કરાવી શકશે આખરે તો એકલા જ તરછોડી દેશે. અને એકલવાયાપણાની ગૂંગળામણ ત્યારે અસહ્ય બની જાય છે

જ્યારે જોઈતો સંવાદ નહિ મળે. જો આપણે આપણાંને અવગણતાં રહીએ તો એ પરિસ્થિતિ આવી શકે. ત્યારે પસ્તાવાનો અર્થ નહીં રહે. માટે જ નો ટાઈમ બીમારીમાં સપડાયા વિના એમાંથી ઊગરી જવું અત્યારના સમયનો કૉલ છે.

VAPI PAGE - 5

# પારડી તાલુકા વિશેષ

Wednesday 23, September 2026

આપનું અખબાર : આપનો અવાજ
DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

- પારડી
- ઉદવાડા
- વાઘછીપા
- પરીયા

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

## પારડી પંથકના શ્રીજી મંડળોની સાંસદ ધવલભાઈ પટેલે મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** પારડી પંથકમાં આવેલ મંડળોમાં શ્રીજીની સ્થાપના કરવામાં આવી છે વલસાડ ડાંગ બેઠકના સાંસદ ધવલભાઈ પટેલ દરેક મંડળમાં ગયા હતા અને શ્રીજીના દર્શન કર્યા હતા તથા ભક્તોને મળ્યા હતા દરેક મંડળોમાં એમનો ભવ્ય સ્વાગત કરવામાં આવ્યો હતો તેઓએ વિકસિત ભારત ના સંકલ્પ સાથે પારડીના દરેક કાર્ય દરેક સમાજ સાથે મળીને એકતા પૂર્વ કરવા માટે લોકોને વચન આપ્યું હતું પારડી બાલાખાડી ના રાજા પારડી ભંડાર વાડ ચાર રસ્તા ચ રાજા ઓમકાર મંડળ જૂની શાકભાજી મંડળી રાણા સમાજ મંડળ સૌરભ મંડળ કંસાર વારમંડળ બ્રહ્મદેવ મંડળ સરકાર મંડળ શ્રી પટેલ સ્ટ્રીટ કહારવાડ દમણી ઝાપા ત્રણ રસ્તા અને ગજાનન રેસીડેન્સીમાં પોતાના કાફલા સાથે પહોંચ્યા હતા એમની સાથે છેલ્લા ભાજપના મહામંત્રી કમલેશભાઈ પટેલ પ્રદેશ ભાજપ ના સિલ્પેશભાઈ દેસાઈ અને ભાજપના હોદ્દેદારો જોડાયા હતા.

તેઓ દરેક મંડળમાં ગયા હતા અને શ્રીજીના દર્શન કરી ભવ્ય પડ્યા હતા તથા હર હર મહાદેવ ગણપતિ બાપા મોરિયાના જય જય કારા ભક્તોને કરાવ્યા હતા.

એમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પને આપણે દરેકે સાથે મળી દરેક સમાજને સાથે રાખી પૂર્ણ કરીશું તેઓએ પારડીના સંપૂર્ણ વધુને વધુ વિકાસ માટે સાથે મળીને કામ કરશું અને વધુ વિકસિત કરશું એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને વચન આપ્યું હતું.

દરેક મંડળ દ્વારા બનાવવામાં આવેલ ડેકોરેશનના તેઓએ વખાણ કર્યા હતા. દમણી ઝાપા મંડળમાં વિકસિત ભારતની રંગોલીને વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી સુધી પહોંચાડવા તેઓએ બહેનોને વચન આપ્યું હતું.



વલસાડ ડાંગના લોકપ્રિય સાંસદ ધવલભાઈ પટેલ પારડી નગરના સુલતાન ફળિયા વિનાયક સ્ટ્રીટના સરકારના દર્શન માટે પધાર્યા હતા. જ્યાં શ્રીજીની આરતીનો કરી આશીર્વાદ લીધા મંડળ દ્વારા ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું તથા રાકેશભાઈ રાણા વિશ્વ હિન્દુ પરિષદ વલસાડ વિભાગ પ્રમુખ પ્રચાર પ્રસાર નવસારી ડાંગ વલસાડ દમણ દાન હદ્વારા સાંસદ ધવલભાઈ પટેલને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘનું વિશ્વનું અદ્રિત્ય સગઠન પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

## ઉદવાડામાં ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટ કોટક ફાઉન્ડેશન તેમજ એલ એન્ડ ટી ના સંયુક્ત સહયોગથી ઉદવાડા ખાતે નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર. સર્વાઈકલ કેન્સર બીપી બ્લડ સુગર તેમજ અન્ય જરૂરી આરોગ્ય તપાસ કરવામાં આવી જેનો ૪૫ જેટલી બહેનોએ લાભ લીધો હતો હવે પછી ૧૨ ઓક્ટોબર ના રોજ શાંતાબા હાઈસ્કૂલ ખાતે આ કેમ્પ યોજવામાં આવશે.

વધુમાં વધુ લોકો લાભ લઈ શકે જેથી આ આયોજન કરવામાં આવ્યું છે જેનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે

## પરિયા હાઈ.ના ખેલાડીઓ જિલ્લા કક્ષાની એથ્લેટીકસમાં ઝળકયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** જિલ્લા કક્ષા એથ્લેટીકસ સ્પર્ધામાં પારડી તાલુકાના પરીયા હાઈસ્કૂલના ખેલાડીઓ સારો દેખાવ કર્યો હતો. ઉમરગામ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે તા ૧૮ ૦૯ ૨૦૨૬ થી ૧૯ ૦૯ ૨૦૨૬ સુધી અખિલ ભારતીય શાળાકીય SGFI જિલ્લા કક્ષા એથ્લેટિક્સ અંડર ૧૪ ૧૭ ૧૯ ભાઈઓ બહેનોને સ્પર્ધા યોજાઈ હતી આ સ્પર્ધામાં ડી. આર. જી. ડી. એન્ડ પી. એમ. જે. સાર્વજનિક હાઈસ્કૂલ, પરીયામાં અભ્યાસ કરતી ખેલાડી ન્યિાંશી અમિતભાઈ પટેલે અંડર ૧૭ બહેનોની લાંબી કૂદમાં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. અંડર ૧૭ ભાઈઓની લાંબી કૂદમાં દીપ રાજેશ પટેલે દ્વિતીય ક્રમ મેળવી સિલ્વર મેડલ મેળવ્યો હતો. બીજી બાજુ અંડર ૧૯ ભાઈઓની લાંબી કૂદમાં મિત પ્રફુલ પટેલ થર્ડ નંબર મેળવી બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો પ્રિયાંશી અને દીપ પટેલ હવે પછી રાજ્યકક્ષાએ રમવા માટે જશે.

આમ શાળાનું નામ રોશન કરવા બદલ શાળાના માનદ મંત્રી નિરંજનભાઈ દેસાઈ, શાળાના આચાર્ય સ્મૃતિબેન દેસાઈ, શાળાના વ્યાયામ શિક્ષક ભીખુભાઈ પટેલ તથા સમસ્ત શાળા પરિવારે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## પારડી ન.પા. દ્વારા વોર્ડ વાઈઝ સફાઈ અભિયાન હાથ ધરાયુ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પારડી નગરપાલિકા દ્વારા શહેરમાં દર મહિને વોર્ડ વાઈસ સફાઈ અભિયાનનું આયોજન શરૂ કરવામાં આવ્યું છે આ અભિયાનના ભાગરૂપ પારડી પોલીસ સ્ટેશન ખાતે પોલીસ કર્મીઓ અને પાલિકાના સફાઈ કામદારોએ સાથે મળીને વિશેષ સફાઈ અભિયાન હાથ ધર્યું હતું પારડીમાં સ્વચ્છતાના પ્રસાર અને લોકજાગૃતિ માટે નગરપાલિકા દ્વારા એક નવો જ અભિગમ અપનાવવામાં આવ્યો છે. જે અંતર્ગ પારડી પોલીસ સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા અભિયાન યોજાયું હતું આ મહત્વપૂર્ણ અભિયાનમાં વહીવટી તંત્ર અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ખભેખભો મિલાવીને જોડાયા હતા. પારડી પોલીસ સ્ટેશનના પી.આઈ. વાય.બી. ગોહિલ અને પોલીસ સ્ટાફે પણ આ સફાઈ યજ્ઞમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમજ ચીફ ઓફિસર કોમલબેન, નગરપાલિકા પ્રમુખ ચેતન નાયકા, આરોગ્ય ચેરમેન કિરણ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સેનેટરી ઈન્સ્પેક્ટર મેહુલ પરમાર, સીટી મેનેજર ભૂમિ પટેલ, એમ.આઈ.એસ. વિજલબેન લાડ, સુપરવાઈઝર પંકજ ગરણીયા અને તેમની સમગ્ર સફાઈ ટીમ સક્રિયપણે જોડાઈ હતી.

સફાઈ કામગીરી પૂર્ણ કર્યા બાદ પોલીસ સ્ટેશન પરિસરમાં સ્વચ્છતાની પૂરતી ચોકસાઈ રાખવા માટે ડીડીટી પાવડર નો છંટકાવ કરવામાં આવ્યો હતો, જેથી રોગચાળો અટકાવી શકાય અને આરોગ્યની સુરક્ષા જળવાઈ રહે તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા.

## સોંઢલવાડામાં રકતદાન શિબિર યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** પારડી તાલુકાના સોનઢલ વાડા ગામમાં પારડી તાલુકા ભાજપ અને પારડી માં ધીરુભાઈ હોલમાં પારડી શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિવસની રક્તદાન શિબિર યોજી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અહીં પારડી માં આવેલ ધીરુભાઈ હોલમાં વહેલી સવારે ભાજપ પ્રમુખ વિપુલભાઈ પટેલ મહામંત્રી અશોક પ્રજાપતિ ઝૂબીન દેસાઈ યુવા પ્રમુખ મેહુલ ભરવાડ સાથે પાલિકાના સદસ્યો અને કાર્યકર્તાઓ ભેગા થયા હતા માનવસેવા આરોગ્ય કેન્દ્ર બ્લડ બેન્કના સહયોગથી રક્તદાન ની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં પાલિકાના સદસ્ય સિરીશ ભાઈ પટેલ લાલજીભાઈ યાદવ સહિતના હાલના સદસ્યો માજી સદસ્ય યુવા મોરચાના કાર્યકર્તાઓ ભાઈ બહેનોએ રક્તદાન કરી વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિવસની ભાવ્ય ઉજવણી કરી હતી.

આ રક્તદાન દરમિયાન પારડીના લોકપ્રિય ધારાસભ્ય કનુભાઈ દેસાઈ વલસાડ ડાંગ સાંસદ ધવલભાઈ પટેલ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા મહામંત્રી કમલેશભાઈ પટેલ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ સાથે વિશાળ સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિવસની ભવ્ય ઉજવણી કરી હતી.

એ જ રીતે પારડી તાલુકા ભાજપ દ્વારા સોનઢલ વાડા ગામમાં આવેલ પ્રાથમિક શાળામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જે ઉજવણી દરમિયાન પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ ભાજપ તાલુકાના પૂર્વ પ્રમુખ મહેશભાઈ દેસાઈ ભાજપ તાલુકાના હાલના પ્રમુખ પુનિતભાઈ પટેલ મહામંત્રી હરીશભાઈ પટેલ જીગ્નેશ ભાઈ ઉદવાડીયા જિલ્લા કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ પટેલ જિલ્લા પંચાયતના સદસ્ય નરેશભાઈ પટેલ તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન પટેલ તાલુકા મહિલા મંડળના પ્રમુખ ખુશ્બુબેન ટંડેલ સાથે સોનલવાડા ગામના સરપંચ અજયભાઈ પટેલ માજી સરપંચ જીગ્નેશભાઈ પટેલ શહીત તાલુકા પંચાયતના સદસ્યો અને ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વલસાડ રક્તદાન કેન્દ્રના સહયોગથી બ્લડ કેમ્પ કરવામાં આવ્યો હતો જે સફળ રહ્યો હતો.

## ઉમરસાડી માછીવાડમાં સમૂહ સત્યનારાયણ કથા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** પારડી તાલુકાના ઉમરસાડી માછીવાડ ગામમાં સીમેન મંડળ દ્વારા સમૂહ સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉમરસાડી માછીવાડ ગામમાં શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના સાનિધ્યમાં શ્રી સીમેન મંડળ સંચાલિત ગોલ્ડન ફળિયાના નેજા હેઠળ સમૂહ સત્યનારાયણ કથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ગામના દરેક ફળિયામાંથી એક - એક તથા આયોજન કરનાર ગોલ્ડન ફળિયામાંથી બે કપલને યજમાન પદે કથામાં બેસાડવામાં આવ્યા હતા આ ગામમાં લગભગ ૯૦ ટકા લોકો સીમેન વ્યવસાય સાથે સંકળાયેલા કુટુંબો જોવા મળે છે અને નવ મહિનાઓ સુધી કુટુંબ ફેમિલી થી દૂર રહી વિદેશમાં ગમન કરે છે જેઓના રક્ષણ કાજે દર વર્ષે સમૂહ સત્યનારાયણ ભગવાનની પૂજા રાખવામાં આવે છે. સાથે સમગ્ર ગામમાં સુખ શાંતિ બની રહે એવા આશય પણ છુપાયેલા જોવા મળે છે. સીમેન ભાઈઓ વિદેશથી પરત ફર્યા બાદ ઘરે, કુળદેવીના મંદિરમાં, લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરમાં તથા જલારામ બાપાના મંદિરમાં અચૂક સત્યનારાયણ ભગવાનની પૂજા કરતા હોય છે.

આ કથાનો લાભ લેવા માટે શ્રી માછી મહાજનપંચના હોદ્દેદારો ગામના આગેવાનો વડીલ બંધુઓ, નવયુવાનો, સીમેન મંડળના સભ્યો, પરિવારજનો તથા સમગ્ર ગામના ભાવિક ભક્તોજનો ઉપસ્થિત રહ્યા હતા. ભૂદેવોના મંત્રોચ્ચાર થકી વિવિધ પ્રકારની વિધિ, પૂજા અર્ચના કરી સત્યનારાયણ ભગવાનની કથા સંભળાવી અંતે ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી. આરતી પત્યા બાદ પધારેલા તમામે દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય થયા હતા. આ વર્ષે સીમેન મંડળ તરફથી કથાની સંપૂર્ણ જવાબદારી ગોલ્ડન ફળિયાના ભાઈઓએ નિભાવી હતી સતત ૩૧ એકત્રીસ વર્ષથી આજ પર્યંત સીમેન મંડળ એના ધ્યેય અને લક્ષ્યાંક થી વિચલિત થયા વિના મક્કમ ગતિએ આગળ વધી રહ્યું છે અને પ્રગતિના નવા નવા સોપાનો તરફ અગ્રેસર રહી સમાજના વિવિધ ક્ષેત્રોમાં પણ વિકાસલક્ષી યોગદાન આપી રહ્યું છે સીમેન મંડળના પ્રમુખ ક્રિષ્નાભાઈ વી. ટંડેલ, ઉપપ્રમુખ અરવિંદભાઈ એમ. ટંડેલ, મંત્રી રામચંદ્રભાઈ એમ. ટંડેલ, સહમંત્રી કમલેશભાઈ ડી. ટંડેલ તથા ખજાનચી મનુભાઈ બી. ટંડેલ તેમજ સમગ્ર ગોલ્ડન ફળિયાના સહિયારા પ્રયાસો થકી સત્યનારાયણ ભગવાનની કથા સંપન્ન થઈ હતી.

## કોટલાવ કર્મભૂમિ સોસા. દ્વારા શ્રીજીની સ્થાપના



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** પારડી સ્ટેશન રોડ કોટલાવ ખાતે આવેલ કર્મભૂમિ સોસાયટી ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ અત્યંત હર્ષોલ્લાસ અને ભક્તિમય વાતાવરણમાં શ્રીજીની સ્થાપના કરવામાં આવી છે. ગણેશ મહોત્સવના ચોથા દિવસે સોસાયટીની મહિલાઓ દ્વારા ગણપતિ બાપ્પાને વિશેષ છપ્પન ભોગ અર્પણ કરવામાં આવ્યો હતો. બાપ્પાને પ્રિય એવા મોદક, મોતીચૂરના લાડુ વિવિધ પ્રકારની મીઠાઈઓ અને ચટાકેદાર ફરસાણ સહિતની અવનવી વાનગીઓ ઘરઆંગણે જ તૈયાર કરીને બાપ્પાના ચરણોમાં ધરાવવામાં આવી હતી. છપ્પન ભોગના દર્શન કરી સોસાયટીના રહીશોએ ધન્યતા અનુભવી હતી ગણેશ મહોત્સવને યાદગાર અને સફળ બનાવવા માટે કર્મભૂમિ સોસાયટીના વડીલો, મહિલાઓ તેમજ યુવા મંડળ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. દરરોજ સાંજે મહાઆરતી મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે, જેનાથી સમગ્ર સોસાયટી પરિસરમાં ઉત્સાહ અને ઉમંગનો માહોલ જોવા મળી રહ્યો છે.

## નાના વાઘછીપામાં ભવ્ય વિસર્જનયાત્રા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** પારડી તાલુકાના નાના વાઘછિપા ગામમાં આદર્શ નવ યુવક મંડળ દ્વારા આ વર્ષે ગણેશ મહોત્સવની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી મંડળ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ મુજબ શ્રીજીની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી જ્યાં સતત સાત દિવસ સુધી ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું. સાતમા દિવસે ગણપતિ બાપ્પા મોરિયા અગલે બરસ તૂ જલ્દી આ ના નાદ સાથે શ્રીજીની ભવ્ય વિસર્જન યાત્રા કાઢવામાં આવી હતી. ઢોલ-નગારા, ગુલાલની ઉડાણ અને ભક્તોના રાસ ગરબા વચ્ચે આખું ગામ ભક્તિરસમાં લીન થઈ ગયું હતું. પર્યાવરણની જાળવણીને ધ્યાનમાં રાખીને મંડળના સભ્યો અને સ્થાનિક યુવાનોની મદદથી વિસર્જનની કામગીરી પરવાસા પાર નદી કિનારે ખૂબ જ શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે પૂર્ણ કરવામાં આવી હતી આદર્શ નવ યુવક મંડળના યુવાનોની મહેનત ગ્રામજનોના સક્રિય સહયોગથી આ વર્ષનો ગણેશ મહોત્સવ અત્યંત યાદગાર અને શ્રદ્ધામય બન્યો હતો.

## ઉદવાડાની શેઠ પી.પી. મિસ્ત્રી ઈંગ્લીશ સ્કુલમાં ગણેશ મહોત્સવની ઉજવણી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** વિદ્યાર્થીઓ-શિક્ષકો દ્વારા આકર્ષક સજાવટ, સાંસ્કૃતિક નૃત્યો સાથે ડીજેના તાલે વિસર્જન યાત્રા નીકળી હતી શ્રેષ્ઠ શૈક્ષણિક પરિણામોની સાથે સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ માટે પ્રખ્યાત પારડી તાલુકાના ઉદવાડાગામની શેઠ પી. પી. મિસ્ત્રી ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ દ્વારા બાળકોમાં સંસ્કાર, શ્રદ્ધા અને ભારતીય પરંપરાનું સિંચન થાય તે હેતુથી પ્રથમવાર ભવ્ય ગણેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં ખૂબ જ આનંદ અને ઉલ્લાસ સાથે ગણેશજીનું આગમન કરવામાં આવ્યું હતું ત્યારબાદ ગણેશ ચતુર્થીના દિને વિધિવત્ ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. આ ગણેશ ઉત્સવ દરમિયાન શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ, ટ્રસ્ટી મંડળના સભ્યો, વાલીઓ તેમજ ઉદવાડા ગામ અને આસપાસના વિસ્તારના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સૌએ ગણેશજીની આરતી તથા મહાપ્રસાદનો લાભ લીધો હતો. સોમવારની રાત્રે ભક્તિભાવપૂર્વક જાગરણનું આયોજન કરવામાં આવ્યું હતું. જાગરણ દરમિયાન શેઠ પી. પી. મિસ્ત્રી હાઈસ્કૂલ છાત્રાલયના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક નૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા, જેને નિહાળવા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. જે બાદ મંગળવારના રોજ બપોરે ગણેશજીની વિસર્જન યાત્રા વાજતે-ગાજતે તથા ડી.જે.ના તાલ સાથે નીકળી હતી. વિસર્જન દરમિયાન પણ છાત્રાલયના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. ગણેશ ઉત્સવને અનુરૂપ શાળા પરિસરમાં આકર્ષક સજાવટ કરવામાં આવી હતી.

શાળામાં પ્રથમવાર યોજાયેલા આ ઐતિહાસિક ગણેશ ઉત્સવના સફળ આયોજન બદલ શાળા સંચાલક મંડળના પ્રમુખ ખુરશેદ કેકોબાદ દસ્તુર વડા દસ્તુરજી, ચેરમેન બળવંતરાય પી. પટેલ, ડો. મિનુભાઈ પરબીયા, સેક્રેટરી નરેન્દ્રભાઈ જરીવાલા, અજયભાઈ વસાણી, ઇંગ્લીશ મીડીયમની આચાર્યા ધરાબેન પટેલ તથા હાઈસ્કૂલની આચાર્યા મનીષાબેન બ્રહ્મભટ્ટને સૌ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## કોલકમાં રામવદેવપીરની શોભાયાત્રા નિકળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** પારડી તાલુકાના કોલક ગામે રણુજાના રાજા રામદેવ મહારાજ ની શોભા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે શોભાયાત્રા ટેન્ગલ ફળિયાથી નિકળી સમગ્ર ગામમાં ફરી હતી ઠેર ઠેર શોભા યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યુ હતું. ભક્તો એ આરતી કરી હતી અને મહાપ્રસાદનો આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ એ લાભ લીધો હતો છેલ્લા લગભગ પાત્રીશ વર્ષથી અયોજન કરવામાં આવે છે. અશોકભાઈ ટંડેલ સુમતિબેન નયનાબેન રમીલાબેન તથા અન્ય પરિવાર સાથે આ આયોજન કરવામાં આવે છે.

**દમણગંગા ટાઈમ્સ**
પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો
મો. : ૯૮૭૯૩૭૪૬૦૫

## ઉદવાડામાં ૭મા દિવસે શ્રીજીની વિસર્જન યાત્રામાં ભકતો મોટી સંખ્યામાં ઉમટયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** પારડી તાલુકાના ઉદવાડા રેલવે સ્ટેશન વિસ્તારમાં શ્રી ભક્તિ મંડળના શ્રીજી નું સાતમા દિવસે વિસર્જન કરવામાં આવ્યું હતુ જેમાં મોટી સંખ્યામાં ભકતો જોડાયા હતા. શ્રી ભક્તિ મંડળ દ્વારા આયોજિત ગણેશજીનું સાતમા દિવસે વિસર્જન કરવામાં આવ્યું ડીજેના તાલે નીકળેલી શોભાયાત્રામાં ભક્તજનો ઝૂમી ઊઠ્યા હતા ગણપતી બાપા મોર્યા પુરચા વરસી લવકાર્યાના નારા સાથે ભક્તો યાત્રામાં જોડાયા હતા. વિસર્જનના આગલે દિવસે આયોજકો દ્વારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું જેનો મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો. જેમાં મંડળના કાર્યકર્તાઓ તેમજ ગ્રામજાનો અને વેપારી મંડળનો સહકાર મળ્યો હતો.

# અન્ય સમાચારો

Wednesday 23, September 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Wednesday 23, September 2026

## રાજકારણમાં વ્યંગ અને રમૂજની મર્યાદા અનિવાર્ય

વ્યંગ અને હાસ્ય સમાજ અને વ્યક્તિગત જીવનમાં અભિન્ન અંગ બની રહ્યાં છે. કમભાગ્યે તાજેતરના સમયમાં રાજકારણમાં આ બન્ને હળવા માધ્યમોનો ગંભીર શત્ર તરીકે દુરુપયોગ થવા લાગ્યો છે. રાજનેતાઓ અને પક્ષો અંગેના કટાક્ષ કોઈ નવી વાત નથી, પણ તેમાં વણલેખલી મર્યાદાના વધી રહેલાં ઉલ્લંઘને વધુ એક વખત ગંભીર વિરોધ અને ચર્ચા જગાવ્યા છે. કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ ઈન્દોરમાં છાત્રો કી ગૂંજ કાર્યક્રમ દરમ્યાન સ્ટેન્ડ અપ કોમેડિયનનો કરેલો ઉપયોગ આજકાલ ટીકાનું કેન્દ્ર બની રહ્યો છે. શિક્ષણ, અભ્યાસક્રમોમાં પ્રવેશ, પરીક્ષા, અનામત, હોસ્ટેલ આવાસ અને રોજગારીની તકો જેવી યુવાનોની સમસ્યાના સંદર્ભમાં યોજાયેલા કાર્યક્રમમાં નોંધપાત્ર હાજરી હતી. રાહુલ ગાંધીએ પેપર લીક, શિક્ષણ વ્યવસ્થા અને રોજગારી જેવા મુદ્દા પર સરકારની આકરી ઝાટકણી કાઢી હતી. ભારે જોશભરી રીતે કરાયેલાં આ આયોજનમાં સ્ટેન્ડ અપ કોમેડિયન પુલકિત મણિને અપાયેલા મંચે સવાલ ખડા કર્યા છે. આ કોમેડિયને રમૂજભરી રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નકલ કરી હતી. રાહુલ આ સમયે સ્ટેજ પર હાજર હતા અને તેમણે પુલકિત સાથે મજાકમાં સંવાદ પણ કર્યે હતો. સ્વાભાવિક રીતે જ આ સંવાદનો સૂર મોદીને નિશાન બનાવે તેવો હતો.હવે આ કોમેડિયનની પ્રસ્તુતિ અને રાહુલ સાથેના રમૂજભર્યા સંવાદ સામે ભાજપે મોરચો ખોલ્યો છે. ભાજપે આ કાર્યક્રમમાં વડાપ્રધાનની સ્વર્ગસ્થ માતાનું અપમાન કર્યું હોવાનો આરોપ મૂકયો છે. કેન્દ્રીય મંત્રીઓ કિરન રિજિજુ અને પ્રહલાદ જોશીએ આને રાજકીય મર્યાદા અને માનવીય સંવેદનશીલતાનો મુદ્દો ગણાવ્યો હતો. સામા પક્ષે મધ્યપ્રદેશ પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષે આ આરોપને નકારીને કાર્યક્રમના સંદર્ભમાં નકારાત્મક છાપ ઊભી કરવાનો ‌-યાસ થઈ રહ્યાનો દાવો કર્યો હતો.સવાલ આ એક કાર્યક્રમ પૂરતો મર્યાદિત નથી. સવાલ એ છે કે, રાજકીય વ્યંગમાં વ્યક્તિગત રમૂજની કેટલી મર્યાદા હોવી જોઈએ. કોઈ નેતાની નીતિ, નિર્ણયો, ભાષણો અને રાજકીય શૈલી પર ધારદાર વ્યંગ હોઈ શકે, પણ કોઈ નેતાના વ્યક્તિગત કે પરિવારના મુદ્દાને સંદર્ભને વણી લેતા આવા વ્યંગને કોઈ સ્થાન હોવું જોઈએ નહીં, વળી ઈન્દોર જેવા કાર્યક્રમમાં જ્યાં દેશના યુવાનો અને વિદ્ધાર્થીઓ કેન્દ્રસ્થાને હતા, ત્યારે તો મંચ પરના લોકોએ મર્યાદાને જાળવવા પર ધ્યાન આપવું જોઈતું હતું.હાલત એવી થઈ છે કે, ગંભીર મુદ્દા પરનો સંવાદ આવા વિવાદસ્પદ રમૂજને લીધે તેની અસરકારકતા ગુમાવી રહ્યો છે. માત્ર સોશિયલ મીડિયા પરના થોડા ફોલઅર્સ પર ધ્યાન કેન્દ્રિત કરવા સ્ટેન્ડઅપ કોમેડિયનની પ્રસ્તુતિએ એક સફળ આયોજન પરનાં ધ્યાનને ભટકાવી દીધું છે. અત્યારે ચાલતા વિવાદનો અર્થ એ નથી કે, રાજકારણમાં વ્યંગ કે કટાક્ષને કોઈ સ્થાન હોવું જોઈએ નહીં. ટીકાને વધુ ધારદાર બનાવવા રમૂજની મર્યાદાનો લોપ રોકવાની હિમાયત થવી જોઈએ. યુવાનો અને વિદ્યાર્થીઓ સામેના ગંભીર પ્રાણ પ્રશ્નો માટેનો અસરકારક કાર્યક્રમ આ વિવાદમાં વેડફાઈ ગયાની પ્રતીતિ થઈ રહી છે.એક સમયે અખબારોમાં કાર્ટૂનનું મહત્ત્વ હતું અને કાર્ટૂનિસ્ટો સત્તાધારી પક્ષને સાણસામાં લઈ લેતા, પણ તેમાં મર્યાદાભંગ ન થાય તેની ચીવટ રખાતી. ખુદ રાજકીય નેતાઓ પણ તેમને બિરદાવતા રહેતા. ઈન્દોરના કાર્યક્રમમાં થયેલી રમૂજનો મમતા બેનર્જીએ બચાવ કર્યો છે ,પણ તેઓ જ્યારે સત્તાસ્થાને હતા ત્યારે વિરોધી ટિપ્પણી સામે આકરાં પાણીએ થઇ જતાં. રમૂજ એ માત્ર રમૂજ જ હોય છે, લોકો તેને ગંભીરતાથી નથી લેતા. સરવાળે ઈન્દોરનો કાર્યક્રમ આવી રમૂજના કારણે ગંભીરતા ગુમાવી બેઠો છે. ભલે, રાહુલ ગાંધીના તમામ પ્રયાસોને કોંગ્રેસ આંખ મીંચીને સમર્થન આપતી હોય, પણ લોકોમાં જતા સંદેશ વિશે ચિંતન કરવું રહ્યું.

# ૭૨મો નેશનલ ફિલ્મ એવોર્ડ્સ : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે એવોર્ડ એનયત



**ચંદુ ચેમ્પિયન માટે કાર્તિક આર્યનને બેસ્ટ એક્ટર અને આર્ટિકલ ૩૭૦ ફિલ્મ માટે યામી ગૌતમને બેસ્ટ એક્ટ્રેસ તેમજ દિગ્ગજ અભિનેતા અનંત નાગને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરાયા**



દમણગંગા ટાઈમ્સ

વાપી, તા. ૨૨: ભારતીય સિનેમાના સૌથી પ્રતિષ્ઠિત નેશનલ ફિલ્મ એવોર્ડ્સ (રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર, વર્ષ ૨૦૨૪ માટે)નું આયોજન આ વખતે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનને બદલે ગુજરાતના નર્મદા જિલ્લા સ્થિત એકતા નગર (કેવડિયા)માં સ્ટેચ્યુ ઓફ યુનિટીની છત્રછાયામાં કરાયું હતું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ભારતીય સિનેમામાં ઉત્કૃષ્ટ પ્રદાન આપનારા કલાકારો અને ટેકનિશિયનોને સન્માનિત કરાઈ રહ્યા છે. આ દરમિયાન ચંદુ ચેમ્પિયન માટે કાર્તિક આર્યનને બેસ્ટ એક્ટર અને આર્ટિકલ ૩૭૦ ફિલ્મ માટે યામી ગૌતમને બેસ્ટ એક્ટ્રેસ તેમજ દિગ્ગજ અભિનેતા અનંત નાગને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરાયા છે. આ પુરસ્કારોમાં ગુજરાતી ફિલ્મ "મારણ"ને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મનો એવોર્ડ મળ્યો છે.

કાર્તિક આર્યન અને યામી ગૌતમનો પ્રથમ નેશનલ એવોર્ડ

આ વર્ષનો રાષ્ટ્રીય પુરસ્કાર સમારોહ બોલિવૂડ કલાકારો કાર્તિક આર્યન અને યામી ગૌતમ માટે ખાસ રહ્યો છે.

કાર્તિક આર્યન ફિલ્મ ચંદુ ચેમ્પિયનમાં કરેલા શાનદાર અભિનય માટે તેમને કારકિર્દીનો પ્રથમ નેશનલ એવોર્ડ મળ્યો છે.

યામી ગૌતમે ફિલ્મ આર્ટિકલ ૩૭૦ માં તેમની શક્તિશાળી એક્ટિંગ માટે પ્રથમવાર રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરાયા છે.

આ ઉપરાંત, દક્ષિણ ભારતીય સિનેમાના સુપરસ્ટાર મમ્મુટીને પણ તેમની શ્રેષ્ઠ ભૂમિકા માટે પુરસ્કૃત કરવામાં આવ્યા છે.

અનંત નાગ દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત

દિગ્ગજ અભિનેતા અનંત નાગને ભારતીય સિનેમામાં તેમના અતુટ અને અદ્ભુત યોગદાન બદલ વર્ષ ૨૦૨૪ના સર્વોચ્ચ દાદાસાહેબ ફાળકે એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. દાયકાઓ લાંબી કારકિર્દીમાં તેમણે અનેક યાદગાર ભૂમિકાઓ ભજવીને સિનેપ્રેમીઓના દિલ જીત્યા છે.

આર્ટિકલ ૩૭૦ સર્વશ્રેષ્ઠ ફિચર ફિલ્મ; સાઉથની ફિલ્મોનો દબદબો

આ વખતે હિન્દી ફિલ્મ આર્ટિકલ ૩૭૦ને બેસ્ટ ફિચર ફિલ્મ તરીકે પસંદ કરવામાં આવી છે. આ ફિલ્મ માટે સંગીતકાર શાશ્વત સચદેવને બેકગ્રાઉન્ડ મ્યુઝિક શ્રેણીમાં એવોર્ડ મળ્યો છે. બીજી તરફ, તેલુગુ બ્લોકબસ્ટર ફિલ્મો પુષ્પા ૨ ધ રૂલ અને કાલ્કી ૨૮૯૮ AD' એ પણ બે-બે એવોર્ડ પોતાના નામે કર્યા છે. બેસ્ટ એક્ટર લીડિંગ રોલ - કાર્તિક આર્યન/મામૂટી, બેસ્ટ એક્ટ્રેસ લીડિંગ રોલ - યામી ગૌતમ, બેસ્ટ ફીચર ફિલ્મ - આર્ટિકલ ૩૭૦, બેસ્ટ ડાયરેક્શન - આનંદ એલ. રાય (એકતા કા પ્રતિક), સ્પેશિયલ મેન્શન - ચોલા ડોરા અને સુઈ (હિન્દી), ભદ્ર કાલી નાટકમ (મલયાલમ), બેસ્ટ શોર્ટ ફિલ્મ - હમસફર (મરાઠી), બેસ્ટ રીજનલ ફિલ્મ (શ્રેષ્ઠ પ્રાદેશિક ફિલ્મ), બેસ્ટ ગુજરાતી ફિલ્મ - મારણ (ધ હન્ટ), બેસ્ટ ફિલ્મ (હિન્દી) - શ્રીકાંત, બેસ્ટ તેલુગુ ફિલ્મ - કમિટી કુલ્લુ, બેસ્ટ તમિલ ફિલ્મ - રાયન, બેસ્ટ મરાઠી ફિલ્મ - મુક્કામ પોસ્ટ બોમ્બિલવાડી, બેસ્ટ ઓડિયા ફિલ્મ - લહરી, બેસ્ટ મલયાલમ ફિલ્મ - ફેમિનિચી ફાતિમા, બેસ્ટ કન્નડ ફિલ્મ - મિથિયા, બેસ્ટ હિન્દી ફીચર ફિલ્મ - શ્રીકાંત, બેસ્ટ ગઢવાલી ફિલ્મ - ઢોલી, બેસ્ટ બંગાળી ફિલ્મ - ચલચિત્ર એખોન, બેસ્ટ આસામી ફિલ્મ - જુઈફૂલ, બેસ્ટ મણિપુરી ફિલ્મ - સુનિતા, સ્ટન્ટ કોરિયોગ્રાફી, બેસ્ટ કોરિયોગ્રાફી - સ્ત્રી ૨ (આજ કી રાત) વિજય ગાંગુલી, બેસ્ટ લિરિક્સ - જાને દો (મનોજ મુન્તશીર), બેસ્ટ મ્યુઝિક ડાયરેક્શન - શાશ્વત સચદેવ (આર્ટિકલ ૩૭૦), બેસ્ટ બેકગ્રાઉન્ડ સ્કોર, બેસ્ટ મેકઅપ - પી. રવિ કુમાર (કમિટી કુલ્લુ), બેસ્ટ કોસ્ટ્યુમ - પુષ્પા ૨ (દીપાલી નૂર), બેસ્ટ પ્રોડક્શન ડિઝાઈન - કલ્કિ ૨૮૯૮ AD (નિતિન ચૌધરી), બેસ્ટ એડિટિંગ - માનવીર જસરોઈતિયા, બેસ્ટ સાઉન્ડ ડિઝાઈન - ભૂલભૂલૈયા ૩, બેસ્ટ સ્ક્રીનપ્લે, બેસ્ટ ડાયલોગ રાઈટર - લકી ભાસ્કર (વેંકી), બેસ્ટ સિનેમેટોગ્રાફી - એડમોડ (લાઈફ ઈન લૂમ), બેસ્ટ ફિમેલ પ્લેબેક - વૈકોમ વિજયલક્ષ્મી (મલયાલમ), બેસ્ટ મેલ પ્લેબેક, બેસ્ટ સપોર્ટિંગ એક્ટર - સંજય મિશ્રા, બેસ્ટ ડોક્યુમેન્ટરી - રામ-નામી (હિન્દી), બેસ્ટ આર્ટ કલ્ચર ફિલ્મ - મૈં નિદા (હિન્દી), બેસ્ટ ઐતિહાસિક ફિલ્મ - કાકોરી (હિન્દી), બેસ્ટ ડેબ્યૂ ડાયરેક્ટર - રવિ રાજ મુર્મુ, બેસ્ટ નોન ફીચર ફિલ્મ - ભંગાર (મરાઠી-ઈંગ્લિશ).

## રાજ્યમાં બે સિસ્ટમ સક્રિય: આગામી ૫ દિવસ વરસાદની આગાહી

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૨૨: ગુજરાતમાંથી એક બાજુ વરસાદની વિદાયની ઘડીઓ ગણાય રહી છે ત્યારે ઉત્તર પૂર્વ અરબી સમુદ્ર પર સક્રિય બનેલા સાયક્લોનિક સર્ક્યુલેશનની સિસ્ટમ ઉદભવી છે. તેની સાથે બંગાળની ખાડીમાં પણ વોલમાર્ક લો પ્રેશર એરિયા બન્યો છે. જેના કારણે હવામાન વિભાગ દ્વારા પાંચ દિવસ એટલે કે ૨૭ સપ્ટેમ્બર સુધી હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં તેમજ અમદાવાદમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને માછીમારોને આગામી સૂચના ન મળે ત્યાં સુધી દરિયો ન ખેડવા માટે કડક સૂચના આપવામાં આવી છે.

દરમિયાનમાં આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં ૪૨ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો. જેમાં સૌથી વધુ ગીરસોમનાથના ઉનામાં ૨.૭૨, અમરેલીના રાજુલામાં ૨.૬, નવસારીના ખેરગામમાં ૨.૨૪, વલસાડના ધરમપુરમાં ૧.૧૮, ભાવનગરના ગારિયાધારમાં ૧.૧૮ અને જામનગરના જામજોધપુરમાં ૧.૦૨ ઈંચ વરસાદ પડ્યો હતો. જ્યારે બાકીના સ્થળોએ ૧ ઈંચ કરતા ઓછો વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસે જણાવ્યા અનુસાર, અત્યારે રાજ્ય પર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેલમાર્ક લો-પ્રેશરની અસર જોવા મળી રહી છે. હાલમાં એક સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ ઉત્તર-પૂર્વ અરબી સમુદ્ર પર ૩.૧ થી ૭.૬ કિલોમીટરની ઊંચાઈ પર બનેલી છે. આ સિસ્ટમના કારણે રાજ્યમાં પવન દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશા તરફથી ફૂંકાઈ રહ્યો છે. આ ઉપરાંત પવનની સામાન્ય દિશા ઉત્તર-પશ્ચિમથી પશ્ચિમની પણ નોંધાઈ છે.

તેમણે ઉમેર્યું હતું કે, બંગાળની ખાડીમાં પણ એક મજબૂત વેલમાર્ક લો-પ્રેશર એરિયા સર્જાયો છે. આ સિસ્ટમ અત્યંત સક્રિય છે અને તે આગામી ૨૪ કલાકમાં ડીપ્રેશન માં ફેરવાઈ જશે. ત્યારબાદના વધુ ૨૪ કલાકમાં આ સિસ્ટમ વધુ મજબૂત બનીને ડીપ ડીપ્રેશનમાં રૂપાંતરિત થવાની પૂર્ણ સંભાવના છે. આ મજબૂત સિસ્ટમ પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ દિશા તરફ આગળ વધી રહી છે અને ૨૩ સપ્ટેમ્બર સુધીમાં તે ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકિનારે પહોંચી જશે. આ બે સિસ્ટમની અસર તળે સમગ્ર ગુજરાતમાં આગામી એક સપ્તાહ સુધી ઠંડા પવનો સાથે વરસાદી માહોલ જળવાઈ રહેશે.

ગુજરાતમાં ચાલુ ચોમાસાની સિઝનમાં અત્યાર સુધી સરેરાશ ૮૭.૬૮ ટકા (લગભગ ૨૪.૯૪ ઈંચ) વરસાદ નોંધાયો છે. રાજ્યના તમામ ઝોનમાં સરેરાશ ૫૦ ટકાથી વધુ વરસાદ થઈ ગયો છે, જો કે ગત વર્ષોની સરખામણીએ હજુ કેટલાક વિસ્તારોમાં પ્રમાણમાં ઓછો વરસાદ નોંધાયો છે.

## ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ૭ દિવસમાં ખોલવા સંમતિ આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૨

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે ઈરાને વિશ્વને મોટી રાહત આપી છે. ઈરાન સૌથી મહત્વપૂર્ણ તેલ સપ્લાય રૂટ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ને ૭ દિવસમાં ખોલવા માટે તૈયાર છે, પરંતુ તેણે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે એક કડક શરત મૂકી છે. ઈરાન સંબંધિત આ સમાચાર જાપાનની 'ક્યોડો ન્યૂઝ' એ પ્રકાશિત કર્યા છે, ત્યારબાદ હવે વિશ્વની નજર ડોનાલ્ડ ટ્રમ્પ તરફ મંડરાયેલી છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને તેલના આસમાને પહોંચતા ભાવ વચ્ચે ઈરાને એક એવો દાવ રમી દીધો છે, જેનાથી સમગ્ર વિશ્વ માટે આગામી ૭ દિવસમાં મોટા સમચાર આવી શકે છે. વિશ્વની સૌથી સંવેદનશીલ દરિયાઈ પટ્ટી ગણાતા હોર્મુઝ સ્ટ્રેટને ઈરાન આગામી સાત દિવસમાં ફરીથી ખોલવા માટે રાજી થઈ ગયું છે. તેહરાને તેના બદલામાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે એક એવી કડક શરત મૂકી છે, જેનાથી વોશિંગ્ટનમાં હોબાળો મચી ગયો છે. હવે ટ્રમ્પ પાસે એક જ રસ્તો બચ્યો છે.જાપાનની જાણીતી સમાચાર એજન્સી 'ક્યોડો ન્યૂઝ' એ ઈરાની સરકારના એક વરિષ્ઠ અધિકારીને ટાંકીને આ સમગ્ર ઘટનાક્રમનો ખુલાસો કર્યો છે. ઈરાનના આ અધિકારીએ આંતરરાષ્ટ્રીય સમુદાયને સંદેશ આપ્યો છે કે, તેમનો દેશ વાટાઘાટોના રસ્તા બંધ કરવાના મૂડમાં નથી, પરંતુ સાથે જ તેમણે અમેરિકાને એ વાતનો અહેસાસ પણ કરાવી દીધો છે કે તાળી એક હાથે વાગતી નથી. ઈરાનનું માનવું છે કે, છેલ્લા કેટલાક સમયથી અમેરિકી વહીવટીતંત્ર જે પ્રકારનું આક્રમક વલણ અપનાવી રહ્યું છે, તેનાથી શાંતિના કોઈ પ્રયાસો સફળ થઈ શકે નહીં. જો અમેરિકા ખરેખર આ આંતરરાષ્ટ્રીય સંકટનો ઉકેલ ઈચ્છતું હોય તો તેણે માત્ર વાતો કરવાને બદલે ગ્રાઉન્ડ લેવલ પર પોતાની ગંભીરતા અને કટિબદ્ધતા સાબિત કરવી પડશે.

હવેસૌથીમોટોસવાલએઊભો થાય છે કે, ઈરાનની એ કઈ શરત છે, જેણે વોશિંગ્ટનથી લઈને તેલ બજારો સુધી હલચલ મચાવી દીધી છે? ખરેખર, ઈરાનની મુખ્ય અને કડક માંગ એ છે કે, અમેરિકા પર્સિયન ગલ્ફ (ફારસની ખાડી) અને તેની આસપાસના વિસ્તારોમાંથી પોતાનું સૈન્ય દબાણ તુરંત ઘટાડે.

અમેરિકાએ જે રીતે આ વિસ્તારમાં પોતાની નૌકાદળ, લડાકુ વિમાનો અને ઘાતક મિસાઈલોની તૈનાતી વધારી દીધી છે, ઈરાન તેને પોતાના માથા પર લટકતી તલવાર માને છે. ઈરાનનું કહેવું છે કે જ્યાં સુધી તેના પર સૈન્ય કાર્યવાહીનો ખતરો મંડરાતો રહેશે, ત્યાં સુધી કોઈપણ પ્રકારની શાંતિ સમજૂતીનો કોઈ અર્થ રહેતો નથી. ઈરાને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે શરત મૂકી છે કે, જો અમેરિકા પર્સિયન ગલ્ફમાંથી પોતાનું સૈન્ય પાછું ખેંચી લે છે, તો ઈરાન માત્ર સાત દિવસની અંદર સ્ટ્રેટ ઓફ હોર્મુઝને તમામ વેપારી જહાજો અને તેલ ટેક્રરોની અવરજવર માટે સુરક્ષિત રીતે ખોલી દેશે.

## એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતે પહેલો ગોલ્ડ મેડલ જીત્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૨ : આઈચી-નાગોયા એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે શાનદાર અને ઐતિહાસિક પ્રદર્શન કરતા શ્રીલંકાને ૧૪૭ રનના વિશાળ અંતરથી પરાજય આપીને ગોલ્ડ મેડલ પોતાના નામ કર્યો છે. મંગળવારે નિશિનના કોરોગી સ્પોર્ટ્સ પાર્ક ખાતે રમાયેલા આ રોમાંચક મુકાબલામાં ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ઓવરોમાં ૩ વિકેટે ૨૧૬ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો.

ભારતીય ઈનિંગ્સ દરમિયાન સ્ટાર બેટ્સમેન સ્મૃતિ મંધાનાએ શાનદાર બેટિંગ કરતા ૪૫ બોલમાં ૭ છગ્ગા અને ૫ ચોગ્ગાની મદદથી ૭૯ રનનું યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત, વિકેટકીપર-બેટ્સમેન રિચા ઘોષે માત્ર ૨૨ બોલમાં અણનમ ૪૯ રન બનાવ્યા હતા. જેમાં ૬ ચોગ્ગા અને ૩ છગ્ગા સામેલ હતા. ઓપનર શેફાલી વર્માએ પણ ૨૯ બોલમાં ૪૮ રનની ઝડપી ઈનિંગ રમી હતી. સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા વચ્ચે પ્રથમ વિકેટ માટે ૯૯ રનની ભાગીદારી નોંધાઈ હતી, જેના કારણે ટીમ મોટા સ્કોર સુધી પહોંચવામાં સફળ રહી હતી.

જવાબમાં ૨૧૭ રનના મોટા લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમ ભારતીય બોલરો સામે શરૂઆતથી જ દબાણમાં દેખાઈ હતી. શ્રીલંકાની સમગ્ર ટીમ ૧૫.૪ ઓવરમાં માત્ર ૬૯ રનમાં જ ઓલઆઉ થઈ ગઈ હતી. ટીમ તરફથી કેપ્ટન ચમારી અટાપટ્ટુએ સૌથી વધુ ૨૯ રન બનાવ્યા હતા, પરંતુ અન્ય કોઈ ખેલાડી ક્રિઝ પર ટકી શકી નહોતી. ભારત તરફથી ઘાતક બોલિંગ કરતા દીપ્તિ શર્માએ સૌથી વધુ ૩ વિકેટ ઝડપી હતી. જ્યારે શેફાલી વર્મા, શ્રેયંકા પાટિલ અને શ્રી ચરણીએ બે-બે વિકેટ મેળવીને શ્રીલંકાની બેટિંગ લાઇનઅપને ધ્વસ્ત કરી દીધી હતી. આ શાનદાર વિજય સાથે ભારતીય મહિલા ક્રિકેટ ટીમે એશિયન ગેમ્સમાં સતત બીજીવાર ગોલ્ડ મેડલ જીતીને દેશનું ગૌરવ વધાર્યું છે.

## ચીને UNSCમાં સુધારા માટે સમર્થનનો સંકેત આપ્યો, V4 ભારતની પડખે

(જી.એન.એસ) તા. ૨૨

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દરમિયાન ભારત સાથેની પ્રથમ વિદેશ મંત્રી સ્તરની બેઠકમાં 'વિસેગ્રાડ ગ્રુપ' (ફ૪) ના ચાર સભ્યો તરફથી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (દ્વજીઝ) માં કાયમી બેઠક મેળવવાના ભારતના પ્રયાસોને મોટું સમર્થન મળ્યું છે.

સ્લોવાકિયાના વિદેશ મંત્રી જુરાજ બ્લાનારે જણાવ્યું હતું કે પોલેન્ડ, હંગેરી, સ્લોવાકિયા અને ચેક રિપબ્લિક દ્વજીઝ સભ્યપદ માટે ભારતના દાવાને સમર્થન આપવામાં એકમત છે. 'વિસેગ્રાડ ગ્રુપ' (ફ૪) અને ભારત વચ્ચેની વિદેશ મંત્રીઓની પ્રથમ બેઠક બાદ, સ્લોવાકિયાના વિદેશ મંત્રી જુરાજ બ્લાનારે કહ્યું, "ફ૪ દેશો તરીકે અમે બધા સહમત છીએ કે 'ગ્લોબલ સાઉથ' (વિકાસશીલ દેશોના સમૂહ) ના એક ભાગ અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ઉભરતી મહાસત્તા તરીકે, ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના કાયમી સભ્ય તરીકે ત્યાં સ્થાન મેળવવું જ જોઈએ."

ભારતનાં દ્વજીઝ સભ્યપદ અંગે ચીનનું શું કહેવું છે?

અગાઉ, નવી દિલ્હીમાં યોજાયેલી બ્રિક્સ (મ્ૈંઝજી) સમિટ દરમિયાન ચીને દ્વજીઝમાં ભારતની કાયમી સભ્યતા માટે સકારાત્મક સંકેત આપ્યો હતો. જોકે, એ જોવાનું બાકી છે કે શું ચીન સંયુક્ત રાષ્ટ્રની આ સંસ્થામાં ભારતની કાયમી સભ્યતા માટે અંતિમ મંજૂરીની પ્રક્રિયામાં સહમતિ આપશે કે નહીં.અમેરિકા, ફ્રાન્સ, રશિયા અને યુનાઈટેડ કિંગડમ અગાઉ ભારતની કાયમી સભ્યતાની માંગને સમર્થન આપી ચૂક્યા છે, પરંતુ બ્રિક્સ સમિટ સુધી ચીન તેનો વિરોધ કરતું હતું.ઉલ્લેખનીય છે કે દ્વજીઝમાં કુલ ૧૫ સભ્યો હોય છે, જેમાં પાંચ કાયમી સભ્યો (અમેરિકા, ચીન, ફ્રાન્સ, રશિયા અને યુનાઈટેડ કિંગડમ) અને બે વર્ષના કાર્યકાળ માટે ચૂંટાયેલા ૧૦ બિન-કાયમી સભ્યોનો સમાવેશ થાય છે. આ પાંચ કાયમી સભ્યો (૫) પાસે 'વીટો' (નિષેધાધિકાર) ની સત્તા હોય છે.

દમણગંગા ટાઈમ્સ
CORPORATE NEWS

## મનીવ્યૂ લિમિટેડ IPO ગુરુવારે ખુલશે

**સુરત, તા. ૨૨ :** મનીવ્યૂ લિમિટેડનો ૧ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો IPO ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ને ગુરુવારે ખુલશે. એન્કર રોકાણકાર બિડિંગની તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ને બુધવાર છે. બિડ/ઓફર ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ને સોમવારે બંધ થશે.*UPI મેન્ડેટ એન્ડ ટાઈમ અને તારીખ બિડ/ઓફર બંધ થવાની તારીખે સાંજના ૫.૦૦ વાગ્યા સુધી હશે. ઓફરની પ્રાઈસ બેન્ડ ૧ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેરદીઠ ૩૨થી ૩૪નક્કી થઈ છે. બિડ લઘુતમ ૪૪૧ ઈક્વિટી શેર માટે અને પછી ૪૪૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે, જે દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ ૧ છે. ઈનિશિયલ પબ્લિક ઓફરિંગમાં ૭,૫૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ અને વિક્રેતા શેરધારકો દ્વારા ૧૦૦,૪૯૪,૨૦૦ સુધી ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર સામેલ છે.કંપનીના ઈક્વિટી શેરનું લિસ્ટિંગ BSE લિમિટેડ અને NSE (BSE અને NSE સંયુક્તપણે, સ્ટોક એક્સચેન્જીસ) પર થશે.

## બિહારના જમુઈ છેડતી કાંડના બે આરોપીઓનું એન્કાઉન્ટર

(સંપૂર્ણ સમાચાર સેવા)

બિહાર, તા.૨૨ : બિહારના જમુઈ જિલ્લામાં સગીર વિદ્યાર્થીની સાથે છેડતી મામલે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. કેસમાં ફરાર ચાલી રહેલા ૨ આરોપીઓનું એન્કાઉન્ટર થયાના અહેવાલ સામે આવી રહ્યા છે. પોલીસ સાથે થયેલી આ અથડામણમાં એક આરોપીના પગમાં ગોળી વાગવાની અને બીજા આરોપીનો પગ ભાંગી જવાની માહિતી સામે આવી રહી છે. અથડામણ બાદ બંને આરોપીઓને જમુઈ સદર હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. આરોપીઓને હોસ્પિટલ લઈ જવાનો વીડિયો પણ સામે આવ્યો છે.

તમને જણાવી દઈએ કે ગત દિવસોમાં જમુઈ છેડતી કાંડનો વીડિયો વાઈરલ થયો હતો. ત્યારબાદ પોલીસ પ્રશાસને ગુનેગારો સામે મોટું અને આક્રમક અભિયાન શરૂ કર્યું છે. આરોપીઓની ધરપકડ માટે જિલ્લાના વિવિધ સંભવિત ઠેકાણાઓ પર સઘન દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરમિયાન પોલીસ અને ગુનેગારો વચ્ચે કથિત રીતે એન્કાઉન્ટર થયુ હતું.

## યુપી, બિહાર, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં વિધાન પરિષદની ૨૮ બેઠકો માટે ચૂંટણીની જાહેર

(જી.એન.એસ) તા. ૨૨

નવી દિલ્હી, ભારતના ચૂંટણી પંચ (ઈઝૈં) દ્વારા ચાર રાજ્યોમાં વિધાન પરિષદની ૨૮ બેઠકો માટે દ્વિવાર્ષિક ચૂંટણીનું સમયપત્રક જાહેર કર્યું. સભ્યોની નિવૃત્તિને ધ્યાનમાં રાખીને યોજાનારી આ ચૂંટણીઓમાં ઉત્તર પ્રદેશની ૧૧ બેઠકો (પાંચ સ્નાતક અને છ શિક્ષક મતવિસ્તારો), બિહારની આઠ બેઠકો (ચાર સ્નાતક અને ચાર શિક્ષક મતવિસ્તારો), મહારાષ્ટ્રની પાંચ બેઠકો (ત્રણ સ્નાતક અને બે શિક્ષક મતવિસ્તારો) અને કર્ણાટકની ચાર બેઠકો (બે સ્નાતક અને બે શિક્ષક મતવિસ્તારો) નો સમાવેશ થાય છે.

સમયપત્રક મુજબ, આ બેઠકો માટે મતદાન ૨૩ ઓક્ટોબરે થશે, જ્યારે મતગણતરી ૨૭ ઓક્ટોબરે હાથ ધરવામાં આવશે.

વિધાન પરિષદની ખાલી પડેલી બેઠકો ભરવા માટે આ ચૂંટણીઓ યોજાઈ રહી છે. આ જાહેરાત સાથે જ ચારેય રાજ્યોમાં ચૂંટણી તંત્ર સક્રિય થઈ ગયું છે.

આ પ્રક્રિયામાં ઉમેદવારી પત્રો ભરવા, ઉમેદવારી પત્રોની ચકાસણી, ઉમેદવારી પાછી ખેંચવી અને મતદાનનો સમાવેશ થાય છે; ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ તમામ તબક્કાઓ પૂર્ણ કરવામાં આવશે.સંપૂર્ણ સમયપત્રક નીચે મુજબ છે:-જાહેરનામું બહાર પાડવાની તારીખ: ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ (મંગળવાર)ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ: ૬ ઓક્ટોબર, ૨૦૨૬ (મંગળવાર)ઉમેદવારી પત્રોની ચકાસણી: ૭ ઓક્ટોબર, ૨૦૨૬ (બુધવાર)ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ: ૯ ઓક્ટોબર, ૨૦૨૬ (શુક્રવાર)મતદાનની તારીખ: ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬ (શુક્રવાર) સવારે ૮:૦૦ થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી

મતગણતરી: ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ (મંગળવાર), સાંજે ૫:૦૦ વાગ્યાથી

ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની છેલ્લી તારીખ: ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ (શનિવાર)

બિહારમાં વિધાન પરિષદની ૮ બેઠકો માટે મતદાન

ચૂંટણી યોજાનારી વિધાન પરિષદની કુલ ૨૮ બેઠકોમાંથી આઠ બેઠકો બિહારની છે. આ ચૂંટણીમાં ચાર સ્નાતક મતવિસ્તારો અને ચાર શિક્ષક મતવિસ્તારોનો સમાવેશ થાય છે. મતદાન થનારા મતવિસ્તારોમાં પટના, દરભંગા, તિરહૂત અને કોસી સ્નાતક મતવિસ્તારોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પટના, દરભંગા, તિરહૂત અને સારણ શિક્ષક મતવિસ્તારોમાં પણ ચૂંટણી યોજાશે. આ બેઠકો પરના વર્તમાન સભ્યોનો કાર્યકાળ ૧૬ નવેમ્બરે સમાપ્ત થઈ રહ્યો છે.

## વધુ બે દેશો વચ્ચે ઘમસાણ યુદ્ધ, યમનમાં ૬૮૦ લોકોના મોત : યુએનનો રિપોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

દુબઈ, તા.૨૨

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ જણાવ્યું છે કે યમનમાં સાઉદી સમર્થિત સરકાર સેના અને ઈરાન સમર્થિત હુથી બળવાખોરો વચ્ચે ઓગસ્ટમાં નવેસરથી ફાટી નકળેલા યુદ્ધમાં 680 ના મોત થયા છે અને 1.30 લાખ લોકો વિસ્થાપિત થયા છે. જ્યારે લગભગ ત્રણ હજાર લોકોને ઈજા પહોંચી છે. આમ મૃત્યુ, ઈજાગ્રસ્ત અને વિસ્થાપિતોનો આંકડો દિનપ્રતિદિન વધી રહ્યો છે.WHOએ જણાવ્યું હતું કે 13થી 18 સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન કુલ 164 ના મોત થયા છે અને 516 ઈજા પામ્યા છે. આમ યમન પણ હવે ગાઝાપટ્ટી જેવી કટોકટી તરફ આગળ વધી રહ્યું છે. આગામી દિવસોમાં આ યુદ્ધ વધુને વધુ તીવ્ર બને તો મૃત્યુઆંકમાં અને ચાર કરોડની વસ્તી ધરાવતા વિસ્થાપિતોમાં વધુ વધારો થઈ શકે છે. યમનની દક્ષિણપશ્ચિમનો લહજ પ્રાંત મહત્ત્વના યુદ્ધસ્થળ તરીકે ઉભરી આવ્યો છે. અહીં 58નાં મોત થયા છે અને 226 ઈજા પામ્યા છે. બંનેના લશ્કર અહીં આમને સામને છે.આ ઉપરાંત બ્રિટિશ લશ્કરે જણાવ્યું હતું કે હોર્મુઝની ખાડીમાં ટેન્કર પર ડ્રોન ત્રાટક્યુ હતું. તેમા ટેન્કરના બે કર્મચારીઓને ઈજા થઈ હતી. જહાજને તરત જ નજીકના બંદરે લઈ જવામાં આવ્યું હતું. આ હુમલો કોણે કર્યો તે હજી જાણમાં આવ્યું નથી. કોઈએ તેના માટે દાવો કર્યો નથી. હોર્મુઝમાંથી ટેન્કરો પસાર થઈ રહ્યા છે, પરંતુ ટ્રાફિક હજી પણ પહેલા જેવો થયો નથી.ઈરાન યુદ્ધના લીધે અમેરિકામાં ડીઝલના ભાવ વિક્રમજનક સ્તરે પ્રતિ ગેલન 6.28 ડોલરે પહોંચી ગયા છે. ડીઝલના આટલા ઊંચા ભાવ છેલ્લે 2022માં જોવા મળ્યા હતા. આગામી દિવસોમાં તેના ભાવમાં હજી પણ વધારો થાય તેવી સંભાવના છે. રશિયા-યુક્રેન યુદ્ધ અને પર્યાવરણલક્ષી નિયમોના કારણે ડીઝલ પર આમ પણ દબાણ તો હતું જ હવે તેમા ઈરાન સાથેના યુદ્ધે ઉમેરો કર્યો છે. સપ્ટેમ્બર 2025 માં ડીઝલનો ભાવ પ્રતિ ગેલન 3.75 ડોલર હતો, તેના તુલનાએ આ વર્ષે 67 ટકા વધારો થયો છે. જ્યારે ફેબ્રુઆરીમાં આ ભાવ પ્રતિ ગેલન 3.52 ડોલર હતો.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

Wednesday 23, September 2026

# દમણગંગા ટાઇમ્સ

## સાકરપાતળથી દીપડો પાંજરે પુરાયો

**સાપુતારા, તા.૨૨ :** ડાંગનાં સાકરપાતળ ગામ નજીક છેલ્લા કેટલાક દિવસોથી અવારનવાર દીપડાની અવરજવર જોવા મળતાં સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ વ્યાપી ગયો હતો. જંગલ ખાતાએ પાંજરૂં ગોઠવવાની તજવીજ હાથ ધરી હતી. વન વિભાગના કર્મચારીઓ દ્વારા મંદિર ફળિયા નજીક જમીનમાં પાંજરૂં મુક્યુ હતું. આ પાંજરામાં આખરે આશરે ૩ વર્ષની ઉંમરનો એક દીપડો કેદ થઈ ગયો હતો. દીપડાના સફળ રેસ્ક્યૂ બાદ વન વિભાગ દ્વારા તેની પ્રાથમિક તબીબી તપાસ કરતા સંપૂર્ણપણે સ્વસ્થ હોવાનું જણાતા તેને સુરક્ષિત રીતે દૂરનાં જંગલમાં મુક્ત કરવાની કામગીરી હાથ ધરી છે.







## માય ફ્રેન્ડ ગણેશા : સેલવાસમાં ગણેશ વિસર્જન ન કરવા બાળક ડુસ્કે ડુસ્કે રડતા સૌ ભાવવિભોર બન્યા

નાના છોકરાઓને એક ફિલ્મ આવી હતી માય ફ્રેન્ડ ગણેશા જેમાં ગણેશોત્સવ દરમિયાન નાના ભૂલકાઓને ગણેશજી સાથે જે લગાવ થઈ જાય છે એ દર્શાવવામાં આવ્યો હતો. એ વાસ્તવિક જિંદગીમાં પણ સાચે સાચ જોવા મળતો હોય છે. આવો જ એક બનાવ સેલવાસમાં દમણગંગા નદી કિનારે ગણેશજીની નાનકડી પ્રતિમાના વિસર્જન સમયે જોવા મળ્યો હતો. એક નાનો ગણેશજીનો ફ્રેન્ડ કેમ એ કરીને વિસર્જન કરનારા તરવૈયાઓને પોતાની મૂર્તિ આપવા તૈયાર ન હતો. ગમે તેમ કરીને અંતે એને સાથે લઈ જઈ મૂર્તિનું વિસર્જન તો કર્યું પરંતુ મૂર્તિ વિસર્જિત કરીને પરત ફરતી વખતે પણ આ નાનકડા ફ્રેન્ડના આંખોમાંથી આંસુ સુકાતા ન હતાં અને ફરી ફરીને ગણેશજીને જાણે પાછો બોલાવી રહ્યો હતો. ગણેશ વિસર્જનની સૌથી સાચુકલી, સંવેદનશીલ અને સાચી તસવીર મોટી મોટી પ્રતિમા સ્થાપિત કરી લખેલું નાણાં ખર્ચે ડીજેના અને ફિલ્મી ગીતોના વલ્ગર ઘોંઘાટ વચ્ચે ક્યાંક તો નશાની હાલતમાં આવીને પણ પોતાને ગણેશ ભક્ત ગણાવનાર આયોજકોને તમાચા બરાબર ગણાય એમ છે.

## ઉમરગામની કંપનીમાં આગથી દોડધામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૨૨ :** ઉમરગામ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી કૃપા ટેક્સટાઈલ કંપનીમાં સોમવારે સાંજે અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કંપનીના પરિસરમાંથી ધુમાડાના ગોટેગોટા અને આગની જ્વાળાઓ દેખાતાં કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. આગની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લેવા માટે પાણીનો મારો ચલાવી આગ બુઝાવવાની



કામગીરી શરૂ કરી હતી. સાથે જ આગ અન્ય વિસ્તારમાં ન ફેલાય તે માટે જરૂરી તકેદારી રાખવામાં આવી રહી હતી. આગ કયા કારણોસર લાગી તે અંગે હાલ કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી. ફાયર વિભાગની ટીમો દ્વારા આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવા માટે કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. આગની ઘટનાને પગલે કંપનીની આસપાસ પણ લોકોના ટોળા એકઠા થયા હતાં. પ્રાથમિક માહિતી મુજબ આગની ઘટનામાં હજુ સુધી કોઈ વ્યક્તિને ઈજા થઈ હોવા કે જાનહાનિ થઈ હોવાના અહેવાલ મળ્યા નથી. આગ સંપૂર્ણપણે કાબૂમાં આવ્યા બાદ કંપનીમાં થયેલા નુકસાનનો ચોક્કસ આંકડો સામે આવશે.

## ડુંગરામાં ભાડુઆતની માહિતી ન રાખતાં ગુનો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૨ :** વલસાડ જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ ડુંગરા પોલીસે એક દુકાન માલિક સામે કાર્યવાહી કરી છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.આર. ચોટલીયા સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતાં. ત્યારે કરવડ ગીગેવ ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ સામે આવેલી ખાતલીયા ટી સ્ટોલની તપાસ કરી હતી. દુકાન માલિક રાહુલભાઈ ગણેશભાઈ ખસતીયા ઉ.વ.૩૦, રહે. કરવડ ગ્રામ પંચાયત પાસે, વાપી એ પોતાની દુકાન ભાડે આપી હોવાનું સામે આવ્યું હતું.

પૂછપરછમાં તેમણે ભાડુઆત સાથે કોઈ નોટરાઈઝ ભાડા કરાર કર્યો ન હતો અને ભાડુઆત અંગેની માહિતી નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી ન હતી કે પોલીસને જાણ કરી ન હતી. જે જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડના જાહેરનામાનો સ્પષ્ટ ભંગ હોવાથી પોલીસે પંચનામું કરી BNS કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધ્યો છે.

## વાપીમાં અકસ્માતમાં પત્નીનું મોત, પતિ અને પુત્રને ઈજા


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૨ :** વાપી કટારીયા મોટર પાસે સલવાવ બ્રિજ નજીક હાઈવે પર થયેલા અકસ્માતમાં એક મહિલાનું મોત નીપજ્યું છે. જ્યારે પતિ અને પુત્ર ઈજાગ્રસ્ત થયા હતાં. આ મામલે વાપી ટ્રાફિક પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધ્યો છે. ફરિયાદી પ્રવિણભાઈ બાલુભાઈ કોળી પટેલ (ઉ.વ.૫૫, રહે. ડુંગરી બેરવાડ ફળિયા, ઉદવાડા આર.એસ., તા. પારડી) એ જણાવ્યું કે તા.૧૯/૦૯/૨૦૨૬ના રોજ રાત્રે તેઓ વાપી સુલપડપોતાનાં સાસરેથી તેમની એક્ટિવા નં. GJ-15-EC-3888 પર પત્ની મિતાલીબેન (ઉ.વ.૪૫) સાથે ઘરે જતાં હતાં. સાથે પુત્ર વંશ પણ હતો. રાત્રે ૯:૩૦ વાગ્યે વાપી સવલાવ બ્રિજ ચઢતા પહેલા મુંબઈથી સુરત તરફ જતા રોડ પર કોઈ અજાણ્યા વાહન ચાલકે પૂરઝડપે અને ગફલત ભરી રીતે એક્ટિવાને ટક્કર મારી હતી.

અકસ્માતમાં ત્રણેય રોડ પર પટકાયા હતાં. પ્રવિણભાઈને હાથ-પગમાં ઈજા થઈ હતી. જ્યારે મિતાલીબેનને માથા, હાથ અને પગમાં ગંભીર ઈજાઓ થતાં તેમને વાપી હરિયા હોસ્પિટલના ICUમાં દાખલ કરાયા હતાં. સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

પ્રવિણભાઈએ જણાવ્યું કે અકસ્માત બાદ આરોપી વાહન ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ અકસ્માતમાં ભોગ બનેલી મહિલા વાપી નગરપાલિકાના ભાજપના માજી કાઉન્સિલર મહેશભાઈ પટેલની બહેન હતી. ઘાટની જાણ થતાં તેમના સ્નેહી સંબંધીઓમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. ઘટનામાં પોલીસે હિટ એન્ડ રનનો ગુનો નોંધી સીસી ટીવી ફૂટેજ આધારે તપાસ હાથ ધરી છે. આગામી દિવસમાં આરોપી વાહન ચાલક ઝડપાઈ જવાની શક્યતા છે.

## દમણ પોલીસના ત્રણ સ્થળે દરોડા : રૂા.૮.૭૭ લાખનો દારૂ જપ્ત કર્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૨૨ :** દમણમાં ગેરકાયદેસર દારૂની હેરાફેરી અને સંગ્રહ સામે પોલીસે કાર્યવાહી હાથ ધરતા અલગ - અલગ ત્રણ સ્થળે દરોડામાં પોલીસે કુલ રૂા.૮ લાખ ૭૭ હજાર ૫૬૧ની કિંમતનો દારૂ, બિયર અને એક વાહન જપ્ત કર્યું છે.

પ્રથમ કાર્યવાહીમાં કડૈયા કોસ્ટલ પોલીસ સ્ટેશનની ટીમે પાતલિયા ચેકપોસ્ટ નજીક સરકારી બસની તપાસ દરમિયાન બે વ્યક્તિઓના બેગમાંથી દારૂના ૧૬ બોક્સ ઝડપી પાડ્યા હતાં, જેની કિંમત રૂા. ૫૩ હજાર ૨૧૦ હોવાનું જણાવાયું છે.

બીજી કાર્યવાહીમાં મોટી દમણના બામણપૂજા મેઈન રોડ પર આવેલી એક કરિયાણાની દુકાન અને નજીકના ગોડાઉનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. અહીંથી દારૂ અને બિયરની કુલ ૧,૦૧૫ બોટલ તથા કેન મળી આવ્યા હતાં. જેની અંદાજિત કિંમત રૂા. ૯૪ હજાર ૩૯૫ છે. પોલીસને જોઈ દુકાનમાં હાજર વ્યક્તિ ફરાર થઈ ગયો હતો.

ત્રીજી કાર્યવાહીમાં કચીગામ પોલીસ સ્ટેશનની ટીમે સોમનાથના કેવડી ફળિયામાં નંબર વગરની સુઝુકી એક્સેસ મોપેડને અટકાવી તપાસ કરતાં દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. વધુ તપાસમાં શાંતિનિકેતન બિલ્ડિંગ સામે આવેલી સાહિલભાઈની ચાલમાંથી મોટો જથ્થો મળી આવ્યો હતો. જેની અંદાજિત કિંમત રૂા. ૭ લાખ ૯ હજાર ૯૫૬ છે. સાથે રૂા. ૨૦ હજારની કિંમતનું મોપેડ પણ જપ્ત કરાયું છે. ત્રણેય કાર્યવાહીમાં જપ્ત કરાયેલો દારૂ અને વાહન કાયદેસરની કાર્યવાહી માટે દમણ એક્સાઈઝ વિભાગને સોંપવામાં આવ્યા છે.

## મોહના કાવચાલીમાં અગ્નિદાહ માટે લાકડાં કાપવા મુદ્દે વિવાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૨ :** ધરમપુર તાલુકાના મોહના કાવચાલી ગામમાં મહિલાના અંતિમ સંસ્કાર માટે લાકડા કાપીને લઈ જવાના મામલે વિવાદ સર્જાતા અંતિમ સંસ્કાર માટે ગામના પાટીલના ખેતરમાંથી લાકડા કાપીને સ્મશાન ખાતે લઈ જવામાં આવ્યા હતાં. આ અંગે પંગારબારી રેન્જ તરફથી ધરમપુર ફોરેસ્ટ વિભાગમાં રજૂઆત કરવામાં આવી હોવાની માહિતી પ્રાપ્ત થતાં આ મામલે તાલુકા પંચાયતના સભ્ય દેવુભાઈ મોકાસીએ વન વિભાગ સમક્ષ રજૂઆત કરી હતી. તેમના જણાવ્યા મુજબ, સ્થાનિક લોકો વર્ષોથી પોતાના ખેતરના લાકડાનો ઉપયોગ ચૂલો, રસોઈ તથા અંતિમ સંસ્કાર જેવા ઘરગથ્થુ કામોમાં કરતા આવ્યા છે. અંતિમ સંસ્કાર જેવી સંવેદનશીલ પરિસ્થિતિમાં ગ્રામજનોને મુશ્કેલી ન પડે તે માટે યોગ્ય અભિગમ અપનાવવાની તેમણે માંગ કરી હતી.

દેવુભાઈ મોકાસીએ સમગ્ર મામલે લાગુ પડતા નિયમો અને કાયદાકીય જોગવાઈઓને ધ્યાનમાં રાખીને યોગ્ય ઉકેલ લાવવા તેમજ ગ્રામજનો સાથે કોઈપણ પ્રકારની ગેરસમજ કે વિવાદ ન સર્જાય તે માટે જરૂરી કાર્યવાહી કરવાની રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ મામલે હકીકતોની તપાસ કરી કાયદેસર રીતે યોગ્ય નિર્ણય લેવા બાબતે જણાવ્યુ હતું.



વાપી - રામદેવ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત રામદેવ નવરાત્રી મહોત્સવના છેલ્લા દિવસે નેજાજી યાત્રા ઢોલ-નગારાના નાદ સાથે નીકળી હતી, જેમાં રાજસ્થાની સમાજના સેંકડો લોકો જોડાયા હતાં. યાત્રા દમણગંગા નદી કિનારે પહોંચી ભગવાનને જળ ચઢાવી પરત ફરી હતી.

## વલસાડ ઔરંગા નદી પર ઓવરબ્રિજનું કામ કરતાં કામદારોની સુરક્ષા મુદ્દે પ્રશ્નાર્થ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૨ :** વલસાડ શહેરના કૈલાસ રોડ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે કરોડો રૂપિયાના જંગી ખર્ચે નવા ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. બ્રિજની ઊંચાઈ પર કામ કરી રહેલા શ્રમિકો કોઈપણ જાતના સલામતીના સાધનો (સેફ્ટી ગિર્ય) વિના જીવના જોખમે કામ કરતા નજરે પડી રહ્યા છે.



ઊંચા પિલર અને સ્લેબ પર કામ કરતા શ્રમિકો પાસે સેફ્ટી બેલ્ટ (હાર્નેસ), હેલ્મેટ, સેફ્ટી નેટ કે ગ્લોવ્ઝ જેવા મૂળભૂત સુરક્ષા ઉપકરણોનો સદંતર અભાવ જોવા મળે છે. શ્રમ કાયદા અને સરકારી બાંધકામ નિયમો અનુસાર, ચોક્કસ ઊંચાઈ પર કામ કરતા દરેક શ્રમિક માટે સુરક્ષા સાધનો ફરજિયાત હોય છે, છતાં અહીં તમામ નિયમો નેવે મૂકી દેવાયા છે. આ મામલે સ્થાનિક નાગરિકો અને રાહદારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે, જો અચાનક સંતુલન બગડવાથી કોઈ શ્રમિક નીચે પટકાય કે કોઈ અનિચ્છનીય દુર્ઘટના બને, તો તેનો જવાબદાર કોણ કામ સોંપનાર સરકારી એજન્સી, સુપરવિઝન કરતા અધિકારીઓ કે નફો રળી લેવા માગતો કોન્ટ્રાક્ટર સામાન્ય રીતે આવા કિસ્સાઓમાં દુર્ઘટના બન્યા બાદ તંત્ર અને કોન્ટ્રાક્ટર એકબીજા પર દોષનો ટોપલો ઢોળીને હાથ ખંખેરી લેતા હોય છે.

## ઠક્કરવાડામાં દીપડાએ વાછડાનું મારણ કર્યુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** વલસાડના ઠક્કરવાડા ગામે દીપડાએ ગૌ-વંશનું મારણ કરતાં ભયનો માહોલ છવાયો છે. વસ્તી ધરાવતા વિસ્તારમાં દીપડાની હાજરીથી સ્થાનિક રહીશો અને પશુપાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. બનાવની જાણ થતાં જ વન વિભાગની ટીમે તાબડતોબ ઘટના સ્થળે પહોંચી દીપડાને પાંજરે પૂરવા માટે તજવીજ હાથ ધરી છે. વલસાડ તાલુકાના ઠક્કરવાડા ગામના નાનું ફળિયામાં રાત્રિના દરમ્યાન અચાનક દીપડો ચઢી આવ્યો હતો અને તેણે ત્યાં બાંધેલા એક ગૌ-વંશ પર તરાપ મારી મોતને ઘાટ ઉતાર્યું હતું. સવારે જ્યારે પશુપાલક અને ગ્રામજનોને આ અંગે જાણ થઈ ત્યારે વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પશુના મારણના પગલે ગામમાં દીપડાની સક્રિયતા હોવાની વાત વાયુવેગે પ્રસરતાં લોકોમાં દહેશતનો માહોલ સર્જાયો હતો. જંગલ ખાતાએ દિપડાને પકડવા પાંજરુ ગોઠવ્યું છે.

## વલસાડ લેબર કોર્ટે પારડી પાલિકાના ડ્રાઈવરની અરજી ફગાવી દીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** પારડી નગરપાલિકાના ફાયર વિભાગમાં અગાઉ કરાર આધારિત ફરજ બજાવતા ડ્રાઈવર દ્વારા નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અને વચગાળાના પગારની માંગ સાથે કરાયેલા કેસમાં વલસાડની લેબર કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. લેબર કોર્ટે સુનાવણીના અંતે કર્મચારીનો દાવો રદ્દ કરી પારડી નગરપાલિકાની તરફેણમાં ફેંસલો સંભળાવ્યો છે. પારડી નગરપાલિકાની ફાયર શાખામાં ચોક્કસ મુદતના કોન્ટ્રાક્ટ હેઠળ ફાયર ફાઈટર વાહનના ડ્રાઈવર તરીકે કામ કરતા રાજેશ ધનરાજ યાદવને છૂટા કરવામાં આવ્યા હતાં. આ પગલાને ગેરકાયદેસર ગણાવી તેમણે દક્ષિણ ગુજરાતના સિનિયર લેબર લોયર મારફતે વલસાડ લેબર કોર્ટમાં રેફરન્સ કેસ નં.૩૬/૨૦૧૯ દાખલ કર્યો હતો. જેમાં તેઓએ નોકરીમાંથી છૂટા કરેલા તમામ દિવસોનો પગાર ચૂકવવા તથા મૂળ હોદ્દા પર પુનઃસ્થાપિત કરવાની દાદ માંગી હતી. જો કે ડ્રાઈવરોને કાયમી કરવાની સત્તા પાલિકા પાસે ન હોય પાલિકાના ધારાશાસ્ત્રીએ નામદાર સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓ અને કાયદાકીય જોગવાઈઓ ટાંકીને લેખિત તથા મૌખિક દલીલો રજૂ કરી હતી. તમામ પક્ષોની રજૂઆતો અને કાયદાકીય બાબતોની વિસ્તૃત છણાવટ બાદ વલસાડ લેબર કોર્ટના જજ સી.વી. લીમ્બાચીયા સાહેબે કામદારનો કેસ રદ્દ કરવાનો આદેશ કર્યો હતો. આ સમગ્ર કેસમાં દક્ષિણ ગુજરાતની વિવિધ નગરપાલિકાઓનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ કૌશિક જી. કપ્પાને પારડી નગરપાલિકા વતી સફળ વકીલાત કરી હતી.

## ભાઠામાં બાઈકસવાર યુવક પર હુમલો

**બીલીમોરા, તા.૨૨ :** ગણદેવી તાલુકાના કલમઠા ગામના ગામસરા ફળિયામાં રહેતા ફેનીલ રમેશભાઈ પટેલ રવિવારે સાંજે બાઈક પર ભાઠા ગામના લાલી ફળિયામાંથી પસાર થઈ રહ્યા હતાં. દરમિયાન ભાઠા ગામના ફેનીલે બાઈક ઉભી રાખતા યોગેશ દ્વારા છટકાથી હુમલો કરવામાં આવ્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. હુમલો થતો જોઈ ફેનીલે બચાવ માટે હાથ આડા ધરતા છટકાનો ઘા તેના બંને હાથમાં વાગ્યો હતો, જેના પગલે બંને હાથમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. આ ઉપરાંત આરોપીઓએ ફેનીલનો મોબાઈલ ફોન પણ તોડી નાંખ્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ત્યારબાદ બંને શખ્સો ત્યાંથી ફરાર થઈ ગયા હતાં. ઈજાગ્રસ્ત ફેનીલને તાત્કાલિક સારવાર માટે બીલીમોરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

## વાપીમાં દુકાનમાં સીસીટીવી ન લગાવનાર સામે ગુનો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૨ :** વલસાડ જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના ભંગ બદલ ડુંગરા પોલીસે એક દુકાનદાર સામે ગુનો નોંધ્યો છે.

પોલીસ કરવડ, વાપી, નાનપોંઢા રોડ પર સાંઈવીર ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલ તેજીયા ટાયર દુકાનમાં તપાસ કરતા દુકાનમાં સી.સી.ટી.વી કેમેરા લાગેલા ન હતાં. પૂછતાછમાં મોહમ્મદ શહાબુદ્દીન મોહમ્મદ જેનુલ હક જાતે અંસારી ઉ.વ.૩૭, રહે. કરવડ, માલિકનું બહાર આવ્યું હતું. જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડના જાહેરનામા મુજબ દરેક ધંધાકીય એકમમાં સીસીટીવી ફરજિયાત છે. જાહેરનામાનો ભંગ થતાં પોલીસે પંચનામુ કરી BNS કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## ચીખલીમાં એપીએમસીની ચૂંટણી રદ્દ કરવા વેપારી વિભાગની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૨૨ :** ચીખલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની તાજેતરમાં યોજાયેલી ચૂંટણી રદ્દ કરવા વેપારી વિભાગે માંગ કરી છે. આ ચૂંટણીમાં કોંગ્રેસના ચાર- ઈશ્વરભાઈ-સોલધરા, ભાવિન-વંકાલ, ઈશ્વર ભાઈ-આછવણી, આનંદ-ટાકલ ચૂંટાયા હતા જેમાં વેપારી વિભાગની ચૂંટણીમાં ગંભીર અનિયમિતતાઓ અને ગેરરીતિઓ આચરવામાં આવી હોવાના વિરોધ સાથે ખેરગામના રહીશ શશીનભાઈ ઘેલાભાઈ પટેલે તેમના વકીલ દિલીપસિંહ પરમાર મારફતે નિયામક કચેરી દ્વારા તરત સુનાવણી નોટિસ જારી કરી તમામ પક્ષકારોને આગામી તા.૨૯/૯/૨૦૨૬ના રોજ બપોરે ૩:૩૦ કલાકે જરૂરી આધાર-પુરાવા સાથે હાજર રહેવા જણાવાયું છે. જે વેપારીઓ પાસે યોગ્ય પરવાનો નથી, જેમણે સળંગ ત્રણ નાણાકીય વર્ષથી લાઈસન્સ ધારણ કર્યું નથી, બજારનિયમોનું પાલન કરીને વેપાર કર્યો નથી અથવા નિયત રૂા.૫૦,૦૦૦/-ની ફી ચૂકવી નથી, તેવા ગેરલાયક વેપારીઓને ખોટી રીતે મતદાર યાદીમાં ઉમેરવામાં આવ્યા હતાં.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**